સુવિચાર
''સમયને હરાવી ન શકાય. એને જીતી પણ ન શકાય. ફક્ત એનાથી શીખી શકાય.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૪/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ સુદ-૧૪ વર્ષ : ૧૭ અંક : ૧૧૬

## ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં નેતૃત્વમાં વિજય રેલી યોજાઈ

# અમરેલી ખાતે ભાજપ દ્વારા વિજયોત્સવની ઉજવણી

ઉર્જા રાજયમંત્રીએ વિજય પાછળ કાર્યકરો, શુભેચ્છકો અને મતદારોનો સિંહફાળો હોવાનું જણાવ્યું

જનતા જનાર્દને ભાજપનાં વિકાસ રથને બળ પુરૂ પાડયુ હોય વધુ તેજ ગતિએ થશે વિકાસ કાર્યો

અમરેલી નગરીને અમરવલ્લી જેવી સુંદર અને રળીયામણી નગરી બનાવી દેવાશે

જનતાએ આપેલ મતરૂપી આશીર્વાદને કોઈપણ સંજોગોમાં એળે જવા ન દેવાની ખાત્રી આપી





અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરમાં ભાજપનાં જીતેલ ઉમેદવારનાં સમર્થનમાં ભવ્ય વિજય અભિવાદન રેલીનુંઆયોજન કરવામાંઆવ્યુંહતું. આ રેલીમાં રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યકરો સાથે વિજય ઉજવણીમાં જોડાયા હતા. રેલી દરમિયાન શહેરમાં ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો જયાં મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે અમરેલી ખાતે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતાં મંત્રીએ આ ભવ્ય વિજય રેલી જનતાના અપાર પ્રેમ અને કાર્યકરોનાં અદભૂત ઉત્સાહનો જીવંત દાખલો છે. તેમણે ઉમેર્યુ કે આ જીત માત્ર એક પક્ષની નથી, પરંતુ લોકશાહી મૂલ્યો અને વિકાસની વિચારધારાની જીત છે.

ભારતીય જનતા પાર્ટીના જીતેલ ઉમેદવારને અભિનંદન પાઠવતાં તેમણે જણાવ્યું કે, આ સફળતા પાછળ કાર્યકરોની અવિરત મહેનત અને જનતાના આશીર્વાદનો મોટો ફાળો રહ્યો છે. રેલી દરમિયાન કાર્યકરોમાં ઉત્સાહભેર નારા લગાવવામાં આવ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

હાર્દિક અભિનંદન
અમરેલી પાલિકાનાં વોર્ડ નં. ૪ માંથી ભાજપની પેનલનાં વિજેતા થયેલ શ્રી મૌલિક જયેશભાઈ ઉપાધ્યાય ને હાર્દિક અભિનંદન સહ તેઓ તેમના વોર્ડમાં સર્વાંગી વિકાસ કરતા રહે તેવી શુભેચ્છાઓ.....
શ્રી મૌલિક જે. ઉપાધ્યાય
સદસ્યશ્રી : વોર્ડ નં. ૪
નગરપાલિકા-અમરેલી
શુભેચ્છક
આકાશ પી. જોષી

सुश्रुत
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
➜ ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો ➜ માનસિક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
➜ તમામ પ્રકારના વાં (દુખાવા), સ્ત્રીરોગ ➜ વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર) મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન
દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી ડો. સંદીપ ખેની, હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,36,700/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૦૪/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હાર્દિક અભિનંદન
શ્રી અરજણભાઈ ખીમાભાઈ વાઘ — વિજેતા ઉમેદવાર ભેરાઇ જિલ્લા પંચાયત બેઠક
શ્રી રેખાબેન તખુભાઈ કાંધમણા — વિજેતા ઉમેદવાર ભેરાઇ તાલુકા પંચાયત બેઠક
શ્રી કિશનભાઈ વિઠ્ઠભાઈ વસાવા — વિજેતા ઉમેદવાર કોવાયા તાલુકા પંચાયત બેઠક
શ્રી ભનીબેન વાઘ — વિજેતા ઉમેદવાર બારપટોળી તાલુકા પંચાયત બેઠક
શ્રી મધુભાઈ રાણાભાઈ મકવાણા — વિજેતા ઉમેદવાર કડીયાણી જિલ્લા તાલુકા પંચાયત બેઠક
આપ સર્વોને જુદી-જુદી તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની બેઠક ઉપર ભાજપ તરફથી ભવ્ય વિજય થતાં અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ, આપ સર્વો આપના મત વિસ્તારનાં વિકાસકાર્યો કરવામાં સફળ રહો તેવી હાર્દિક શુભકામનાઓ.....
શુભેચ્છક
શ્રી મીઠાભાઈ સાદુળભાઈ લાખણોત્રા — પૂર્વ પ્રમુખ : તાલુકા પંચાયત (કોવાયા)
શ્રી સાવજભાઈ મીઠાભાઈ લાખણોત્રા — ઉપપ્રમુખ : રાજુલા તાલુકા ભાજપ

# ‘વિજય છે વિશ્વાસનો’ નારા સાથે ચિત્તલમાં ભાજપની વિજય રેલી, કૌશિક વેકરિયાની ઉપસ્થિતિ



ચિત્તલ જિલ્લા પંચાયત સીટનાં જીતેલા ઉમેદવારના સમર્થનમાં ‘વિજય છે વિશ્વાસનો’ કમળ પરના વિશ્વાસનો’ ના નારા સાથે ભવ્ય વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાજયનાં મંત્રી કૌશિક વેકરિયા ખાસ ઉપસ્થિત રહયા હતા. અને કાર્યકરો સાથે વિજય ઉજવણીમાં જોડાયા હતા. રેલી દરમિયાન વિસ્તારમાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. જયાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે ચિત્તલ ખતે આયોજિત વિજય રેલીમાં સહભાગી થઈ મંત્રી કૌશિક વેકરિયાએ વિજેતા ઉમેદવારને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ ચૂંટણી દરમિયાન સતત ખડેપગે રહી સમર્પિત રીતે કાર્ય કરનાર કાર્યકર્તઓની મહેનતને બિરદાવવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે આ જીત કાર્યકરોના અવિરત પરિશ્રમ અને જનતાના આશીર્વાદનું પરિણામ છે. ભારતીય જનતા પાર્ટી વિશે બોલતાં તેમણે ઉમેર્યુ કે ભાજપનું બીજું નામ જનતાનો ભરોસો છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જનતાએ ફરીવાર આ વિશ્વાસ પર મહોર મારી છે. જે વિકાસ અને સારા શાસન પ્રત્યેની જનતાની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ ભવ્ય વિજય રેલીથી કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. અને વિકાસના કાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

### જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના નેતૃત્વમાં

## અમરેલી જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનો દબદબાભેર વિજય

### જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓમાં વિપક્ષના સૂપડા સાફ



અમરેલી, તા. ૨૯

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા અને નાયમ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમગ્ર રાજયમાં ભાજપનો ભવ્ય વિજય થયો. સમગ્ર રાજયની માફક અમરેલી જિલ્લામાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના કુશળ નેતૃત્વમાં અમરેલી જિલ્લામાં પણ સર્વત્ર કમળ ખીલી ઉઠયું. લોકશાહીના આ પર્વમાં જનતાએ ભારતીય જનતા પાર્ટીની વિકાસની રાજનીતિ પર મહોર મારતા જિલ્લાની કુલ ૩૪ જિલ્લા પંચાયત બેઠકોમાંથી ૩૧ બેઠકો પર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો.

અમરેલીના ઈતિહાસમાં પ્રથમ વખત જિલ્લા પંચાયત વિપક્ષ મુકત બની છે. જે વિશે વાત કરતા જિલ્લા ભાજપ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારની વિકાસની રાજનીતિને અમરેલી જિલ્લામાં સર્વત્ર આવકાર મળ્યો છે. ગુજરાત સરકારના ઉર્જામંત્રી અને અમરેલી જિલ્લાનું ગૌરવ એવા કૌશિકભાઈ વેકરિયા, સાસંદ ભરતભાઈ સુતરીયા તેમજ ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયા અને હીરાભાઈ સોલંકી સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓની અથાગ મહેનત અને તેમના દ્વારા કરવામાં આવેલા જનહિતના કાર્યોને કારણે જનતાએ આખા અમરેલી જિલ્લામાં ભાજપને ભવઃના આર્શીવાદ આપ્યા.

જિલ્લા પંચાયતની સાથે અમરેલી જિલ્લા વિવિધ તાલુકા પંચાયતોમાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. જિલ્લાની કુલ ૧૧ તાલુકા પંચાયતોમાંથી ૦૯ તાલુકા પંચાયતમાં ભાજપને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઈ છે જયારે જિલ્લાની ૦૬ નગરપાલિકાની ચૂંટણીમાં બધી નગરપાલિકાઓમાં ભાજપને વિજય મળ્યો હતો. વિશેષ કરીને પ્રથમ અસ્તિત્વમાં આવેલ ધારી નગરપાલિકામાં જનતાએ વિપક્ષને સદંતર નકારીને ભાજપના શાસન પર પોતાનો ભરોસો પ્રગટ કર્યો છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એક્સરે કિલનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક. માણેકપરા. મેઈન રોડ. લીલીયા રોડ. અમરેલી

આયુર ગ્લો
Herbal Ubtan Powder
કુદરતી સૌંદર્ય મેળવવાનો સાચો રસ્તો
(Chandana, Taruni, Musta, Manjistha, Lodhra, Neema, Multani Mitti, Lakadong Haridra, Aguru Essence)






દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઈન, સ્ટેશન રોડ, માણેકપરા, અમરેલી

PRIME PROPERTY
રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો





SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઇફલાઇન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335


### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

## વડિયા-કુંકાવાવ પંથકમાં કોંગ્રેસ અને ‘આપ’નાં તાલુકા પ્રમુખનો કારમો પરાજય

### ભાજપને ૧૬, ‘‘આપ’’ને ૩ બેઠકો અને કોંગ્રેસ ૦

વડિયા, તા. ૨૯

સમગ્ર રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પરીણામ આવતાની સાથે અવનવી ચર્ચાઓ અને રાજકીય ગણીતો સામે આવતા જોવા મળી રહ્યા છે. અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ તાલુકામાં ભૂતકાળમાં બે ટર્મ સુધી કોંગ્રેસના ધારાસભ્ય હતા ત્યાં સંપૂર્ણ રીતે કોંગ્રેસ પરાસ્ત થતી જોવા મળી રહી છે. તાલુકા પંચાયત ચૂંટણીના પરીણામ પરથી જોતા વડિયા કુંકાવાવ તાલુકાની ૧૬ બેઠકોમાંથી ૧૩ બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય થયો છે જયારે ૩ બેઠકો પર આમ આદમી પાર્ટીનો વિજય થયો છે જયારે કોંગ્રેસ સમગ્ર તાલુકામાં ખાતું ખોલવામાં પણ નિષ્ફળ જોવા મળી રહી છે. ત્યારે વડિયા કુંકાવાવ તાલુકામાં કોંગ્રેસે ભૂતકાળમાં મેળવેલી બેઠકો સંપૂર્ણ ગુમાવી છે જયારે આમ આદમી પાર્ટીએ ત્રણ બેઠકો મેળવી વિપક્ષમાં સ્થાન બનાવ્યું છે. જો કે આ ચૂંટણીમાં વડિયા કુંકાવાવ તાલુકામાં બે મહત્વની હાર સામે આવતી જોવા મળી છે જેમા કોંગ્રેસ પક્ષનાં તાલુકા પ્રમુખ સત્યમ મકાણીના ધર્મ પત્ની વડિયા -૨ સીટ હાર્યા છે જયારે અમરાપૂર સીટ પર આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ વિજય ડોબરીયા ચૂંટણી લડતા હતા તેમની પણ હાર થઈ છે. ત્યારે વડિયા કુંકાવાવ તાલુકામાં મહત્વના નેતાઓને હારનો સામનો કરવો પડ્યો છે. આ ચૂંટણીમાં ભાજપ પોતાનો ગઢ સાચવવામાં સફળ નીવડી છે સાથે કોંગ્રેસને સમગ્ર તાલુકામાંથી સાફ કરવામાં પણ સફળ નીવડી છે પરંતુ ત્રણ સીટોમાં આમ આદમી પાર્ટીના વિજયને રોકી શકી નથી ત્યારે હવે વડિયા તાલુકા પંચાયતમાં કોંગ્રેસની જગ્યાએ આમ આદમી પાર્ટી વિપક્ષ તરીકે જોવા મળશે ત્યારે આવનારી ચૂંટણીઓ માટે કોંગ્રેસને આ કારમી હારનો પોસ્ટમોટમ કરીને તેની પર કામ કરવુ જરૂરી છે જયારે ભાજપે પણ મોટી જીતથી હરખાવાના બદલે આપના ઉદયને ધ્યાને લઈને સમગ્ર તાલુકાના મતોનુ વિશ્લેષણ કરવુ જરૂરી બંને છે.

### ગુજરાતમાં આપનો ઐતિહાસિક ઉદઘોષ

## ભાજપ-કોંગ્રેસ વચ્ચે ત્રીજા મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આમ આદમી પાર્ટી

### જૂનાગઢ જિલ્લા પંચાયતમાં એએપી મુખ્ય વિપક્ષ તરીકે ઉભરી જ્યારે નર્મદા જિલ્લામાં ભવ્ય જીત નોંધાવી છે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોએ સૌ કોઈને ચોંકાવી દીધા છે. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં અત્યાર સુધી મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ જંગ ખેલાતો આવ્યો છે. પરંતુ તાજેતરની ચૂંટણીના પરિણામોએ સાબિત કરી દીધું છે કે ગુજરાતની જનતા હવે ત્રીજા મજબૂત વિકલ્પ તરીકે કોંગ્રેસ નહીં, પરંતુ આમ આદમી પાર્ટીને જોઈ રહી છે. આમ આદમી પાર્ટીએ આ ચૂંટણીમાં ઐતિહાસિક પ્રદર્શન કરીને રાજ્યના રાજકારણમાં નવો અધ્યાય લખ્યો છે.

ગોપાલ ઈટાલિયાએ પરિણામો પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ આપ પર અપાર વિશ્વાસ મૂક્યો છે. રાજ્યની ૧૩ તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીએ સ્પષ્ટ બહુમતી મેળવીને પોતાની સરકાર બનાવી છે. જૂનાગઢ જિલ્લા પંચાયતમાં આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષ તરીકે ઉભરી આવી છે, જ્યારે નર્મદા જિલ્લામાં પાર્ટીએ બહુમતી સાથે ભવ્ય જીત નોંધાવી છે. ગોપાલ ઈટાલિયાએ આંકડાકીય સરખામણી કરતા જણાવ્યું કે, ૨૦૨૧ની ચૂંટણીમાં પાર્ટી પાસે માત્ર ૭૨ સીટો હતી. તેની સામે આ વખતે પાર્ટીએ કરેલું પ્રદર્શન માત્ર સુધારો નથી, પણ એક ઐતિહાસિક કૂદકો છે. ગુજરાતના ઈતિહાસમાં ભાજપ અને કોંગ્રેસ સિવાય અન્ય કોઈ ત્રીજા પક્ષને આટલી મોટી સંખ્યામાં સીટો મળી હોય તેવું પ્રથમવાર બન્યું છે. ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે આ જીત ગુજરાતની જનતાની છે. આશરે ૬૦૦૦ જેટલા ક્રાંતિકારી અને નિડર ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરીને લોકશાહી બચાવવા માટે લડ્યા હતા.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હોવાનો ઉલ્લેખ કરતા ઈટાલિયાએ ઉમેર્યું કે, સત્તા પક્ષ દ્વારા દબાણ, નાણાકીય શક્તિ અને પોલીસ તંત્રનો ઉપયોગ કરવા છતાં આપના કાર્યકરો ડગ્યા વગર મેદાનમાં ટકી રહ્યા હતા. કાર્યકરોની આ મજબૂતી અને નિડરતાને કારણે જ આજે આમ આદમી પાર્ટી ગુજરાતમાં એક મજબૂત રાજકીય વિકલ્પ તરીકે સ્થાપિત થઈ છે.

# સાવરકુંડલા ખાતે ધારાસભ્ય કસવાલાની આગેવાનીમાં ભાજપનો વિજયોત્સવ ઉજવાયો



સાવરકુંડલા વિધાનસભામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મળેલા ભવ્ય જનસમર્થન બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિજય યાત્રા દરમિયાન જનાદેશનો આભાર વ્યકત કર્યો હતો. આ વિજય યાત્રા દરમિયાન વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા ધારાસભ્યનું સ્થળ સ્થળે ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. ફૂલહાર, ઢોલ-નગારા સાથે કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ આનંદ વ્યકત કર્યો હતો. સમગ્ર યાત્રા દરમિયાન ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે આ જીત માત્ર પક્ષની નહીં પરંતુ સાવરકુંડલાના દરેક નાગરિકની જીત છે. તેમણે મતદાતાઓ, કાર્યકરો અને આગેવાનોનો દિલથી આભાર વ્યક કર્યો હતો અને આગામી સમયમાં વિસ્તારના સર્વાંગી વિકાસ માટે વધુ ઝડપથી કામ કરવાની ખાતરી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લોકો દ્વારા દર્શાવાયેલ વિસને સાચવવું એ મારી પ્રથમ જવાબદારી છે અને વિકાસના દરેક કામોમાં પારદર્શિતા અને પ્રામાણિકતા જાળવીને વિસ્તારને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં આવશે. આ વિજય યાત્રામાં મોટી સંખ્યામાં પક્ષના આગેવાનો, કાર્યકરો તેમજ સ્થાનિક નાગરિકો હાજર રહ્યા હતા, જેના કારણે સમગ્ર સાવરકુંડલા વિસ્તારમાં ઉજવણીનો માહોલ સર્જાયો હતો.

# ભાજપનાં આંતરિક બળવાખોરોને મતદારોનો જડબાતોડ જવાબ

# બાબરા : મોટા દેવળીયા જિલ્લા પંચાયત બેઠક પર મીનાબેન કોઠીવાળનો વિજય

**રસાકસીભર્યા જંગમાં ૯૮ મતથી વિજય મેળવ્યો કોઠીવાળ પરિવારની સતત ત્રીજી જીત**

**પાટીદાર પ્રભુત્વ ધરાવતી બેઠક ઉપર ઓબીસી ઉમેદવારે વિજય મેળવ્યો**

**ઉમેદવારનાં પતિ એટલે સ્થાનિક રાજકારણનાં ચાણક્ય એટલે થયો વિજય**

**મોટા દેવળીયા પર કોઠીવાળ પરિવારની જીત સ્થાનિક રાજકારણમાં નવા સંકેતો દર્શાવી રહી છે**





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરા તાલુકાની સૌથી પ્રતિષ્ઠાસ્પદ અને રાજકીય રીતે ભારે ચર્ચાસ્પદ ગણાતી મોટા દેવળીયા જિલ્લા પંચાયત સીટ પર ભાજપના ઉમેદવાર મીનાબેન પ્રભાતભાઈ કોઠીવાળે તમામ પડકારોને ચીરીને દમદાર વિજય મેળવ્યો છે. ભારે રાજકીય રસાકસી, આંતરિક વિરોધ અને ગૂઢ ગતિવિધિઓ વચ્ચે મીનાબેન કોઠીવાળે ૯૮ મતોથી વિજય મેળવી રાજકીય ક્ષેત્રે પોતાની મજબૂત હાજરી નોંધાવી છે.

આ સીટ પર જીત માત્ર ઉમેદવારની જીત નથી, પરંતુ વિાસ, કાર્યશૈલી અને વર્ષોથી કરેલી લોકસેવાની જીત તરીકે જોવામાં આવી રહી છે. ભાજપના જ એક મોટા જૂથે મીનાબેન કોઠીવાળને પરાજિત કરવા જોરદાર પ્રયાસો કર્યા હોવાના રાજકીય વર્તુળોમાં ચર્ચા હતી છતાં અંતે મતદારોએ બળવાખોર માનસિકતાને સ્પષ્ટ જવાબ આપ્યો છે.

બાબરા તાલુકાની જિલ્લા પંચાયતની ત્રણ સીટોમાં મોટા દેવળીયા સીટ સૌથી વધુ અસરકારક અને સામાજિક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મદાર અને પાટીદાર સમાજનું વિશેષ વર્ચસ્વ ધરાવતી આ સીટ પર આ વખતે રોટેશન મુજબ બક્ષીપંચ અનામત આવતા આહીર સમાજના આગેવાન પ્રભાતભાઈ કોઠીવાળનાં ધર્મપત્ની મીનાબેન કોઠીવાળ મેદાનમાં ઉતર્યા હતા.


શરૂઆતથી જ પડકારો વચ્ચે ઝઝૂમતા મીનાબેન કોઠીવાળ માટે પ્રભાતભાઈ કોઠીવાળનો વર્ષોથી જનસંપર્ક, સાદગીભર્યો સ્વભાવ, લોકહિતના કાર્યો અને દરેક સમાજ સાથેનું મજબૂત જોડાણ આશીર્વાદરૂપ બન્યું હતું. પરિણામે તમામ વિપરીત પરિસ્થિતિ વચ્ચે પણ કોઠીવાળ પરિવારએ સતત ત્રીજી ટર્મ સુધી વિજય મેળવી રાજકીય હેટ્રિક નોંધાવી છે.

સ્થાનિક રાજકીય સૂત્રો મુજબ ભાજપના કેટલાક જૂથોએ ભારે મહેનત કરી હોવા છતાં મીનાબેન કોઠીવાળનો વિજય એ માત્ર પક્ષના ચિહ્ન પર નહીં પરંતુ વ્યકિતગત લોકપ્રિયતા, વિાસ અને પ્રભાતભાઈ કોઠીવાળના પ્રભાવ પર નોંધાયો છે.

વિજય બાદ મીનાબેન કોઠીવાળે જણાવ્યું હતું કે, પરિસ્થિતિ ખૂબ કપરી હતી. સામેથી વિરોધ પક્ષ નહીં, પણ પોતાના જ કેટલાક લોકો સામે લડવું પડયું હતું. છતાં મોટા દેવળીયા વિસ્તારના તમામ મતદારોએ વિાસ મૂકયો તે બદલ હું હૃદયથી આભાર વ્યકત કરૂં છું. હવે દરેક સમાજને સાથે રાખી વિકાસના કામોને નવી ગતિ આપવામાં આવશે.

મોટા દેવળીયા સીટનું આ પરિણામ બાબરા તાલુકાની રાજનીતિમાં નવા સંકેતો આપતું પરિણામ માનવામાં આવી રહ્યું છે.































### વડાપ્રધાન મોદીએ સમાજવાદી પાર્ટી પર કર્યા આકરા પ્રહારો

# સમાજવાદી પાર્ટી વિકાસ વિરોધી તેમજ મહિલા વિરોધી પણ છે

## ઉત્તર પ્રદેશનાના માફિયાઓ પર ફિલ્મો બનતી હતી પરંતુ હવે યુપીની કાનૂન વ્યવસ્થાનું દેશભરમાં ઉદાહરણ આપવામાં આવે છે : વડાપ્રધાન મોદી

લખનૌ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કરવા ઉત્તર પ્રદેશના હરદોઈ પહોંચ્યા હતા, જ્યાં તેઓએ ગંગા એક્સપ્રેસ હાઈવેનું ઉદ્ઘાટન કર્યા બાદ એક સભાને સંબોધતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૭માં યોજાનારી યુપી વિધાનસભાની ચૂંટણી માટે લક્ષ્ય પણ નક્કી કરી દીધું.

પીએમ મોદીએ કહ્યું કે, આપણું ઉત્તર પ્રદેશ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણની પવિત્ર ભૂમિ છે, પરંતુ પાછલી સરકારોએ પોતાની કરતૂતોને કારણે યુપીની ઓળખ અપરાધ અને જંગલરાજની બની ગઈ હતી.

યુપીના માફિયાઓ પર ફિલ્મો બનતી હતી. પરંતુ હવે યુપીની કાનૂન વ્યવસ્થાનું દેશભરમાં ઉદાહરણ આપવામાં આવે છે.

નારી શક્તિ વંદન સંશોધન બિલનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, "સંસાધનોની આડેધડ વહેંચણી કરનાર સપાના હાથમાંથી સત્તા ચાલી ગઈ છે, તેથી તેમને ઉત્તર પ્રદેશની આ પ્રગતિ જરાય પસંદ નથી આવતી. તેઓ એક વાર ફરી યુપીને જૂના સમયમાં ધકેલવા માંગે છે અને રાજ્યને જાતિમાં વહેંચવા માંગે છે. સમાજવાદી પાર્ટી વિકાસ વિરોધી તેમજ મહિલા વિરોધી પણ છે. તેથી જ તેણે સંસદમાં મહિલાઓના અધિકારના બિલને પાસ થવા દીધું ન હતું."

પીએમ મોદીએ કહ્યું કે, તાજેતરમાં જ દેશના લોકોએ એક વાર ફરી સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો અસલી ચહેરો જોયો છે. કેન્દ્ર સરકાર સંસદમાં નારી શક્તિ વંદન સંશોધન બિલ લાવી. જો આ બિલ પાસ થઈ ગયું હોત તો ૨૦૨૯ની ચૂંટણીઓથી મહિલાઓને વિધાનસભા અને લોકસભામાં અનામત મળેત. મોટી સંખ્યામાં અમારી માતાઓ અને બહેનો સંસદ અને વિધાનસભામાં પહોંચી શકેત, તે પણ અન્ય કોઈ વર્ગની સીટો ઘટાડ્યા વગર. પરંતુ સપાએ આ સુધારાની વિરુદ્ધ મત આપ્યો."

તેમણે કહ્યું કે, "આ બિલથી રાજ્યોની સીટો પણ વધેત. અમે સ્પષ્ટ કહ્યું હતું કે તમામ રાજ્યોની સીટો એકસરખા પ્રમાણમાં વધશે. પરંતુ યુપીને ગાળો આપીને રાજકારણ કરનારી ડીએમકે જેવી પાર્ટીઓને વાંધો હતો કે યુપીની સીટો કેમ વધશે? સમાજવાદી પાર્ટી પણ સંસદમાં તેમના સાથે સૂરમાં સૂર મિલાવી રહી હતી. આ સપાવાળા તમારા વોટ લઈને સંસદમાં જાય છે અને સંસદમાં યુપીના લોકોને ગાળો આપનારાઓની સાથે ઊભા રહી જાય છે. તેથી જ યુપીના લોકો કહે છે કે સપાવાળા ક્યારેય ન સુધરે. તેઓ મહિલા વિરોધી રાજકારણ જ કરે છે. સમાજવાદી પાર્ટી કુટુંબવાદ અને જાતિવાદથી ઉપર ઊઠી શકતી નથી. યુપીએ સમાજવાદી પાર્ટી અને તેના સાથીઓથી સાવધાન રહેવું પડશે."

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે એટલે કે ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. ગંગા એક્સપ્રેસવે, દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસવે, રેપિડ રેલ જેવા મોટા પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સામે એક મોટું લક્ષ્ય નક્કી કરી દીધું છે. બીજી તરફ, નારી શક્તિ વંદન સંશોધન બિલ પર પણ ભાજપ વિરોધીઓને સતત ઘેરી રહ્યું છે. આવી સ્થિતિમાં ભાજપે યુપી વિધાનસભા ચૂંટણી માટે એક મોટું લક્ષ્ય સેટ કરી દીધું છે, જ્યાં સુધી પહોંચવું સપા અને કોંગ્રેસ માટે ખૂબ જ મુશ્કેલ સાબિત થવાનું છે.

---

### મહુઆ મોઇત્રા રિક્ષામાં આવ્યા

# બંગાળમાં સુવેન્દુનો મોટો આરોપ, TMCએ ૭૫૦ નકલી આંગળીઓ ખરીદી

## ઈ-રિક્ષામાં બેસીને વોટ આપવા આવેલા મહુઆ મોઇત્રા ભાજપ પર પ્રહારો કરતા જોવા મળ્યા હતા

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળની ભવાનીપુર બેઠક પરથી ભાજપના ઉમેદવાર સુવેન્દુ અધિકારીએ બીજા તબક્કાના મતદાનની વચ્ચે ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, TMCએ બોગસ મતદાન કરાવવા માટે ૭૫૦ આર્ટિફિશિયલ (કૃત્રિમ) આંગળીઓ ખરીદી છે. તેમણે પત્રકારો સાથે વાત કરતી વખતે પોતાના મોબાઈલમાં એક આંગળીની તસવીર બતાવીને તેને નમૂનો ગણાવ્યો હતો. જોકે, સત્તારૂઢ પાર્ટી (TMC)એ ભવાનીપુર બેઠક અંગેના આ આરોપોનું ખંડન કર્યું છે.

સુવેન્દુ અધિકારીએ દાવો કર્યો હતો કે કાઉન્સિલરોએ મતદાનમાં ગોટાળા કરવા માટે ૭૦૦થી વધુ નકલી આંગળીઓ ખરીદી હતી. ભાજપના વરિષ્ઠ નેતાની બેઠક સમાચારમાં છે. તેઓ ભવાનીપુરમાં રાજ્યના મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનર્જી સામે ચૂંટણી લડી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે ટીએમસી આ સહન કરશે નહીં. નકલી આંગળીઓથી ચૂંટણીમાં છેડછાડ કરવાના પ્રયાસો સફળ થશે નહીં.

વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી નંદીગ્રામથી પણ ચૂંટણી લડી રહ્યા છે, જ્યાં તેઓ વર્તમાન ભાજપના ધારાસભ્ય છે. કેટલાક ભાજપના નેતાઓ છેલ્લા કેટલાક સમયથી એવું સૂચન કરી રહ્યા છે કે બંગાળમાં મતદારોને પ્રભાવિત કરવા માટે આંગળીઓમાં સિલિકોન અથવા પરફ્યુમ લગાવવાનો પ્રયાસ થઈ શકે છે જેનાથી વોટરોને પ્રભાવિત કરી શકાય.

સુવેન્દુ અધિકારીએ એવો પણ દાવો કર્યો હતો કે ભવાનીપુરમાં બૂથ લેવલ ઓફિસર્સ (BLO) દ્વારા વહેંચવામાં આવેલી ૩,૮૧૦ બૂથ સ્લિપ વહેંચાયા વગર જ પરત આવી ગઈ છે. તેમણે કહ્યું કે આવા મતદારોની યાદી ચિહ્નિત કરી લેવામાં આવી છે અને ભવાનીપુરના લોકો પરિવર્તન માટે તૈયાર છે અને પોતાના વોટો મારફતે તેનો જવાબ આપશે.

મતદાન કરવા પહોંચેલા સુવેન્દુએ એક કિસ્સો શેર કરતા કહ્યું કે, ગઈકાલે તેમને કાલીબાડીમાં એક વ્યક્તિ મળ્યો હતો જે ખાસ ફ્રાન્સથી વોટ આપવા આવ્યો હતો. તેમણે લોકોને વધુમાં વધુ મતદાન કરવાની અપીલ કરી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના બીજા અને અંતિમ તબક્કા માટે આજે ૧૪૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે.નાદિયામાં કરીમપુર ગર્લ્સ હાઈસ્કૂલના પોલિંગ બૂથ નંબર ૧૨૦ પર મતદાન કર્યા બાદ TMC સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, "ચૂંટણી પંચે સૂચના આપી છે કે મોટરગાડી લઈને આવવું નહીં, તેથી હું ટોટો (ઈ-રિક્ષા) માં આવી છું. ભાજપ પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું કે અમે લોકશાહી બચાવવા માટે અહીં છીએ.

---

### હોસ્પિટલમાં દમ તોડ્યો

# ન્હાવાનો સાબુ ખાઈ ગયો ૨૦ વર્ષનો છોકરો, જોતજોતામાં હાલત ખરાબ થઈ

## ઈ-રિક્ષામાં બેસીને વોટ આપવા આવેલા મહુઆ મોઇત્રા ભાજપ પર પ્રહારો કરતા જોવા મળ્યા હતા

મુંબઈ, તા.૨૯

મુંબઈમાં બિરયાની બાદ તરબૂચ ખાવાથી મોતના મામલામાં હજુ સાચું કારણ સામે નથી આવ્યું ત્યાં મહારાષ્ટ્રના જ નાસિકમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ૨૦ વર્ષિય યુવકનું ન્હાવાના સાબુને ખાઈ જવાથી મોત થઈ ગયું છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાવી દીધી છે. મૃતકની ઓળખ અથર્વ દ્વિવેદી તરીકે થઈ છે. પ્રાથમિક તપાસ અનુસાર, સાબુ ખાધા બાદ તેની તબિયત અચાનક ખરાબ થઈ ગઈ અને સારવાર દરમ્યાન તેનું મોત થઈ ગયું.સાબુ ખાધા બાદ અથર્વની હાલત ઝડપથી ખરાબ થવા લાગી. જ્યારે પરિવારને તેની જાણકારી મળી તો તેઓ તરત નજીકના દવાખાને લઈ ગયા. ડોક્ટરે તેને બચાવવાની પૂરી કોશિશ કરી, પણ તપાસ બાદ તેને મૃત ઘોષિત કરી દીધો. સૂત્રોના જણાવ્યા અનુસાર, અથર્વ એક સ્પેશિયલ ચાઈલ્ડ હતો. આશંકા છે કે તેણે ખાવા-પીવાની વસ્તુ સમજીને સાબુ ખાઈ લીધો, કેમ કે તેને હજુ ખાવા-પીવાની વસ્તુની બરાબર સમજ નહોતી. જો કે તેણે આવું કેમ કર્યું, તેને લઈને હજુ કોઈ સ્પષ્ટ કારણ સામે આવ્યું નથી.આ ઘટના બાદ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરુ કરી દીધી છે. નાસિકના ઈન્દિરા નગર પોલીસમાં આકસ્મિક મૃત્યુનો મામલો નોંધી લીધો છે. પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધી છે અને આ મામલે દરેક એંગલથી તપાસ થઈ રહી છે.આ દરમ્યાન મુંબઈના પાયધુની વિસ્તારમાં હાલમાં જ એક પરિવારના ચાર લોકોના મોતના મામલામાં પણ નવો ખુલાસો થયો છે. પહેલા એવી આશંકા હતી કે બિરયાની અથવા તરબૂચ ખાવાથી ફૂડ પોઈઝનિંગ થઈ હશે, પણ હવે જાણકારી આવી રહી છે કે પરિવારના સભ્યોએ પેનકિલર દવાઓ પણ લીધી હતી. પોલીસે આ મામલાની ગંભીરતાથી તપાસ કરી છે, જેથી મોતનું અસલી કારણ સુધી પહોંચી શકાય.

---

### ઈમરજન્સીમાં ઉતરી શકશે સેનાના એરક્રાફ્ટ

# પ્રધાનમંત્રી મોદીએ કર્યું ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન

## આ એક્સપ્રેસવે રાજ્યની કનેક્ટિવિટી તેમજ ઔદ્યોગિક રોકાણ, કૃષિ માર્કેટિંગ, લોજિસ્ટિક્સ અને પ્રાદેશિક સંતુલનમાં ગેમ-ચેન્જર સાબિત થશે

લખનૌ, તા.૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે (૨૯ એપ્રિલ) ગંગા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન કર્યું. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અનેક મંત્રીઓ હાજર રહ્યા હતા. આ એક્સપ્રેસવે મેરઠથી પ્રયાગરાજ સુધીનો ૫૯૪ કિલોમીટરનો હાઈ-સ્પીડ કોરિડોર છે. આ એક્સપ્રેસવે રાજ્યની કનેક્ટિવિટી તેમજ ઔદ્યોગિક રોકાણ, કૃષિ માર્કેટિંગ, લોજિસ્ટિક્સ અને પ્રાદેશિક સંતુલનમાં ગેમ-ચેન્જર સાબિત થશે.પશ્ચિમ ઉત્તર પ્રદેશને પૂર્વાંચલ સાથે સીધો જોડતો આ એક્સપ્રેસવે માત્ર રાજ્યના અર્થતંત્રને જ નહીં પરંતુ વ્યવસાય કરવાની સરળતાને પણ મજબૂત બનાવશે. પીએમ મોદીએ આજે જે એક્સપ્રેસવેને લીલી ઝંડી બતાવી હતી તે ૧૨ મહત્વપૂર્ણ જિલ્લાઓને જોડે છેઃ મેરઠ, હાપુર, બુલંદશહેર, અમરોહા, સંભલ, બદાયૂં, શાહજહાંપુર, હરદોઈ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજ.આ હાઈ-સ્પીડ રૂટ ખુલવાથી આ પ્રદેશો વચ્ચે મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઓછો થશે. પહેલાં લાંબા અંતરમાં ઘણા કલાકો લાગતા હતા, પરંતુ હવે આ મુસાફરી ઝડપી, સલામત અને વધુ અનુકૂળ બનશે. માલ પરિવહન ખર્ચમાં ઘટાડો થવાથી ઉદ્યોગો અને વ્યવસાયોને સીધો ફાયદો થશે, જે રાજ્યના અર્થતંત્રને ઉર્જા આપશે.ગંગા એક્સપ્રેસવે પીપીપી (DBFOT) મોડેલ પર વિકસાવવામાં આવ્યો છે, જે જાહેર-ખાનગી ભાગીદારીનું ઉદાહરણ છે. હાલમાં, તે છ લેન સાથે ડિઝાઈન કરવામાં આવ્યો છે, પરંતુ ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેને આઠ લેન સુધી વિસ્તૃત કરી શકાય છે. ૧૨૦ કિમી/કલાકની ડિઝાઈન ગતિ સાથે, આ એક્સપ્રેસવે ઝડપી અને સરળ ટ્રાફિક સુનિશ્ચિત કરશે. ઉચ્ચ-ગુણવત્તાવાળા બાંધકામ, પહોળા રાઈટ્સ-ઓફ-વે અને મજબૂત સલામતી સુવિધાઓ તેને દેશના સૌથી આધુનિક એક્સપ્રેસવેમાંનો એક બનાવે છે.આ એક્સપ્રેસવેની મુખ્ય વિશેષતા શાહજહાંપુર નજીક બાંધવામાં આવેલી આશરે ૩.૨-કિલોમીટર-લાંબી એરસ્ટ્રીપ છે, જ્યાં કટોકટીની સ્થિતિમાં વાયુસેનાના વિમાનો ઉતરી શકે છે. વધુમાં, સમગ્ર રૂટ ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ITMS), CCTV સર્વેલન્સ, ઈમરજન્સી કોલ બોક્સ, એમ્બ્યુલન્સ અને પેટ્રોલિંગથી સજ્જ છે. વાહનોની ગતિ અને સલામતી સુનિશ્ચિત કરવા માટે આધુનિક ઉપકરણો સ્થાપિત કરવામાં આવ્યા છે, જે મુસાફરો માટે સલામત અને આરામદાયક મુસાફરીનો અનુભવ સુનિશ્ચિત કરે છે.ગંગા એક્સપ્રેસવે પર વિકસાવવામાં આવી રહેલા ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ અને લોજિસ્ટિક્સ ક્લસ્ટર્સ (IMLCs) આ પ્રોજેક્ટની મુખ્ય તાકાત છે. આ ક્લસ્ટરોમાં ઉત્પાદન એકમો, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ સુવિધાઓ, ફૂડ પ્રોસેસિંગ સુવિધાઓ અને લોજિસ્ટિક્સ હબ હશે.

---

### એક હાથમાં ત્રિશૂળ, બીજા હાથમાં ડમરૂ

# મોદી કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરવા પહોંચ્યા

## વડાપ્રધાન મોદીએ નક્કી કરેલા સમયપત્રક (શેડ્યૂલ) મુજબ ગર્ભગૃહમાં લગભગ ૩૦ મિનિટ સુધી પૂજા-અર્ચના કરી

વારાણસી, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરવા માટે પહોંચ્યા હતા. તેમણે નક્કી કરેલા સમયપત્રક (શેડ્યૂલ) મુજબ ગર્ભગૃહમાં લગભગ ૩૦ મિનિટ સુધી પૂજા-અર્ચના કરી હતી. આ દરમિયાન પંચ પુરોહિતોએ તેમને પૂજા કરાવી હતી. ગર્ભગૃહમાં કાશી વિશ્વનાથની પૂજા કરતા પીએમ મોદીની શાનદાર તસવીરો પણ સામે આવી છે. પૂજા કર્યા બાદ જ્યારે પીએમ મોદી બહાર આવ્યા ત્યારે ભાજપ નેતાઓએ તેમને ત્રિશૂળ અને ડમરૂ ભેટમાં આપ્યા હતા. ત્યારબાદ પીએમ મોદીએ ત્રિશૂળ ઉપાડીને હવામાં લહેરાવ્યું હતું. નોંધનીય છે કે, વડાપ્રધાન મોદી બંગાળ વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાનની વચ્ચે વારાણસી પહોંચ્યા હતા. પીએમ મોદી જ્યારે મંદિર પરિસરમાં પહોંચ્યા, ત્યારે મંદિરમાં વૈદિક મંત્રો ગૂંજી રહ્યા હતા. આ દરમિયાન ઘણા પુજારીઓ લાઈનમાં ઉભા રહીને ડમરૂ વગાડી રહ્યા હતું. જ્યારે તેઓ મુખ્ય પ્રવેશ દ્વારથી અંદરની તરફ પ્રવેશ કરી રહ્યા હતા, ત્યારે ૧૦૮ બટુકોએ શંખનાદ સાથે તેમનું સ્વાગત કર્યું હતું.

પીએમ મોદીએ હાથ જોડીને મંદિરના મુખ્ય દ્વારથી પરિસરમાં પ્રવેશ કર્યો હતો અને તેમણે સ્વાગત કરનાર પુજારીઓનો વિશેષ આભાર પણ વ્યક્ત કર્યો હતો.

આ પહેલા પીએમ મોદી ૧૪ કિલોમીટર લાંબો રોડ શો કરીને કાશી વિશ્વનાથ મંદિરે પહોંચ્યા હતા. પીએમ મોદીના રોડ શો દરમિયાન ઠેર-ઠેર પીએમ મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમના કાફલા પર પુષ્પો વરસાવવામાં આવ્યા હતા. પીએમ મોદીએ પણ લોકોનું અભિવાદન કર્યું હતું.

---

### બંગાળમાં જેનો ડર હતો એ જ થયું!

# પ.બંગાળમાં બીજા તબક્કામાં મતદાન લોહિયાળ, ઠેર ઠેર હિંસા

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનું મતદાન બુધવારે હિંસક ઘટનાઓ અને રાજકીય આક્ષેપ-પ્રતિક્ષેપ વચ્ચે ચાલી રહ્યું છે. નોઆપાડા, ફલતા અને બાલી જેવા વિસ્તારોમાં EVM ગરબડ અને ભાજપ-TMC કાર્યકરો વચ્ચેની અથડામણને કારણે વાતાવરણ તણાવપૂર્ણ બન્યું છે.ઉત્તર ૨૪ પરગણાના બારાનગરમાં બૂથ નંબર ૭૨ પર પાંચ વખત EVM મશીન બદલવા છતાં મતદાન શરૂ ન થઈ શકતા મતદારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અનેક મતદારો કંટાળીને મતદાન કર્યા વગર જ ઘરે પરત ફર્યા હતા. તો બીજી તરફ, નોઆપાડામાં ભાજપના નેતા અર્જુન સિંહે TMC પર બૂથની બહાર ડમી EVM રાખીને મતદારોને ભ્રમિત કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે.ચારેતરફ હિંસાના દ્રશ્યો નાદિયાઃ ચાપડામાં ભાજપના પોલિંગ એજન્ટ મોશર્રફ મિર પર લોહેના રોડથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેમના માથામાં ૬ ટાંકા આવ્યા છે.પનિહાટીઃ અહીં RG Kar પીડિતાની માતા અને ભાજપના ઉમેદવાર રત્ના દેબનાથને TMC કાર્યકરોએ ઘેરી લેતા હોબાળો થયો હતો. પોલીસને ભીડને વિખેરવા હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો.ભવાનીપુરઃ VIP સીટ ગણાતી ભવાનીપુરમાં શુભેન્દુ અધિકારીની હાજરીમાં જય શ્રી રામ અને 'જય બાંગ્લા'ના નારા લાગતા હાઈ-વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.હિંસા અને છૂટાછવાયા બનાવો હોવા છતાં બંગાળમાં ભારે મતદાન જોવા મળી રહ્યું છે. ચૂંટણી પંચના આંકડા મુજબ, ૧૪૨ બેઠકો પર બપોરે ૧ વાગ્યા સુધીમાં ૬૧ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. દક્ષિણ ૨૪ પરગણા અને હાવડાના અનેક બૂથ પર લાંબી કતારો જોવા મળી રહી છે. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે કેન્દ્રીય સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો તત્વોની ધરપકડ પણ કરવામાં આવી છે.

---

### બંગાળમાં જેનો ડર હતો એ જ થયું!

# નહીં ખુલે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, ટ્રમ્પે બનાવી લાંબી અને ખતરનાક યોજના

## અમેરિકા કહે છે કે જ્યાં સુધી ઈરાન કોઈ કરાર પર સંમત ન થાય ત્યાં સુધી તે નાકાબંધી હટાવશે નહીં

વોશિંગ્ટન, તા.૨૯

હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વભરમાં ઈંધણ પુરવઠા માટેનો સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. જો કે, છેલ્લા બે મહિનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી આ માર્ગ ગંભીર રીતે પ્રભાવિત થયો છે. શિપિંગ બંધ કરવામાં આવ્યું છે, અને ઘણા દેશોમાં ઈંધણની અછત પરિસ્થિતિને વધુ ખરાબ કરી રહી છે. આ દરમિયાન, એવા અહેવાલો છે કે આ માર્ગ લાંબા સમય સુધી બંધ રહી શકે છે. આ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી યોજનાને કારણે છે. એક અહેવાલમાં ખુલાસો થયો છે કે ટ્રમ્પ હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરીને ઈરાનને કાયમી ફટકો મારવાની યોજના બનાવી રહ્યા છે. આ સમાચાર વોલ સ્ટ્રીટ જર્નલમાં પ્રકાશિત થયેલા એક અહેવાલ પર આધારિત છે. અહેવાલ મુજબ, ટ્રમ્પ હોર્મુઝની લાંબી નાકાબંધીની યોજના બનાવી રહ્યા છે. ટ્રમ્પે તેમના અધિકારીઓને "લાંબા ગાળાના યુદ્ધવિરામ" માટે તૈયારી કરવા પણ સૂચના આપી છે. અહેવાલ છે કે ટ્રમ્પે અગાઉ બે અન્ય વિકલ્પો પર વિચાર કર્યો હતો, જેમાં કાં તો ઈરાન પર હુમલા ફરી શરૂ કરવા અથવા કાયમી ધોરણે યુદ્ધનો અંત લાવવા. જો કે, બંને વિકલ્પો અમેરિકા માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે. તેથી, ટ્રમ્પે હવે નાકાબંધી ચાલુ રાખવા અને ઈરાન પર આર્થિક દબાણ લાવવાનું નક્કી કર્યું છે.યુએસ ઈરાનની તેલ નિકાસમાં વિક્ષેપ પાડીને ઈરાનને ભારે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ ઈરાનની તેલ નિકાસ માટે મહત્વપૂર્ણ છે, અને આ માર્ગ દ્વારા ઈરાની તેલ ટેક્રરોની અવરજવરને પ્રતિબંધિત કરીને, અમેરિકા આ જીવનરેખાને કાપી નાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુ.એસ.એ નાકાબંધી લગાવ્યા પછી, ઈરાનની નિકાસમાં તીવ્ર ઘટાડો થયો છે, અને તેની અર્થવ્યવસ્થા પર અસર હવે સ્પષ્ટપણે દેખાઈ રહી છે. યુ.એસ. અધિકારીઓ માને છે કે આ વ્યૂહરચના સીધા યુદ્ધને ટાળીને ઈરાન પર દબાણ જાળવવાનો સંતુલિત માર્ગ છે. નિકાસ ફ્રીઝ પછી, અહેવાલો સૂચવે છે કે ઈરાને એટલું બધું તેલ એકઠું કર્યું છે કે તે તેને સંગ્રહિત કરી શકતું નથી. અહેવાલો સૂચવે છે કે ઈરાન પાસે હવે ફક્ત ૧૨થી ૨૨ દિવસ માટે સ્ટોરેજ સ્પેસ છે. સ્ટોરેજ ખતમ થતાં જ, ઈરાનને ઉત્પાદન ઘટાડવાની ફરજ પડી શકે છે, જેની સીધી અસર ઈરાની સરકારની આવક પર પડશે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે ઈરાન હવે અનેક અસામાન્ય પગલાં લઈ રહ્યું છે. ઈરાને તેના જૂના અને લાંબા સમયથી બંધ કરાયેલા ટેક્રરોનો ફરીથી ઉપયોગ શરૂ કરી દીધો છે.ઈરાને વારંવાર અમેરિકાને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ચેતવણી આપી છે. તાજેતરમાં, ઈરાને અમેરિકાને એક નવો પ્રસ્તાવ મોકલ્યો છે. આ પ્રસ્તાવમાં, ઈરાને જણાવ્યું હતું કે જો અમેરિકા નાકાબંધી હટાવે છે, તો ઈરાન પણ પ્રતિબંધો હટાવશે, અને ત્યારબાદ કામચલાઉ યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે છે. ઈરાનનું કહેવું છે કે પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ તે ઈરાનના પરમાણુ કાર્યક્રમના મુદ્દા પર વાતચીત કરશે.

---

### જ્યાં જ્યાં EVM પર લાગી ટેપ, ત્યાં ફરીથી મતદાનના આદેશ

# EVMમાં ભાજપના બટન પર લગાવી ટેપ, બંગાળમાં ચૂંટણી વચ્ચે TMC પર ધાંધલીનો આરોપ

## ટીએમસી ઉમેદવારના નજીકના સહયોગી જહાંગીર ખાનની પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા સાથે ઉગ્ર દલીલ

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. ડાયમંડ હાર્બર લોકસભા મતવિસ્તારમાં આવતી ફાલ્ટા બેઠક સમાચારમાં છે. મતદાનના દિવસે EVM સાથે ચેડા અને ડક્ટ ટેપથી ઢંકાયેલા બટનોના ગંભીર આરોપો સામે આવ્યા હતા.

અભિષેક બેનર્જીના મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર દેવાંશુ પાંડાએ આરોપ લગાવ્યો હતો કે ઘણા બૂથ પર, તેમના નામની બાજુના બટનો અને EVM મશીનો પર પાર્ટીના ચૂંટણી પ્રતીક પર ટેપ લગાવવામાં આવી હતી જેથી મતદારો ભાજપની તરફેણમાં મતદાન ન કરી શકે.

ભાજપ IT સેલના વડા અમિત માલવિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વીડિયો શેર કર્યો હતો, જેમાં EVM બટનોને ઢાંકતી ટેપ દેખાઈ રહી હતી. તેને ડાયમંડ હાર્બર મોડેલ ગણાવતા તેમણે કહ્યું હતું કે, "મમતા બેનર્જી આવા ગુનેગારો (જહાંગીર ખાન) ને રક્ષણ આપી રહ્યા હતા. ઘણા બૂથ પર ભાજપને મત આપવાનો વિકલ્પ ટેપથી બંધ કરી દેવામાં આવ્યો છે. માલવિયાએ ખાસ કરીને બૂથ નંબર ૧૪૪, ૧૭૦ અને ૧૮૯નો ઉલ્લેખ કર્યો હતો.

એ નોંધવું જોઈએ કે ટીએમસી ઉમેદવાર અને અભિષેક બેનર્જીના નજીકના સહયોગી જહાંગીર ખાનનો અગાઉ પોલીસ નિરીક્ષક અજય પાલ શર્મા સાથે ઉગ્ર દલીલ થઈ હતી. શર્માએ મતદાન પહેલાં જહાંગીર ખાન અને તેમના પરિવારને ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ ન પહોંચાડવા ચેતવણી આપી હતી. મતદાનના દિવસે, જહાંગીર ખાન તેમના પક્ષ કાર્યાલયના યુદ્ધ ખંડ સુધી સીમિત રહ્યા, જ્યારે તેમના સમર્થકો અને પોલીસ વચ્ચે બહાર તણાવ ચાલુ રહ્યો.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજકુમાર અગ્રવાલે કહ્યું કે જે પણ મતદાન કેન્દ્ર પર ઈવીએમ ઉપર કાળી કે સફેદ ટેપ લગાવવામાં આવી છે ત્યાં ફરીથી મતદાન કરાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ વિધાનસભા વિસ્તારમાં મોટી સંખ્યામાં બુથમાંથી આ પ્રકારની ટેપ મળવાની ઘટનાઓ સામે આવશે તો સમગ્ર વિધાનસભા વિસ્તારમાં ફરીથી મતદાન કરાવવામાં આવશે.

પશ્ચિમ બંગાળમાં EVM સાથે છેડછાડ અથવા મતદાન મથકોમાં ગોટાળાના આરોપો નવા નથી. ૨૦૨૧ની ચૂંટણી દરમિયાન અનેક મતવિસ્તારોમાં આવા જ વિવાદો જોવા મળ્યા હતા. ચૂંટણી પંચે આ વખતે મતદાન મથકોની અંદર અને બહાર શાંતિ સુનિશ્ચિત કરવા માટે સુરક્ષા માટે NIA અને વધારાના કેન્દ્રીય દળો તૈનાત કર્યા છે.

રસપ્રદ વાત એ છે કે શેર કરાયેલા વીડિયોમાં માત્ર ભાજપના ઉમેદવાર જ નહીં પરંતુ CPM ઉમેદવારના બટનો પર ટેપ બતાવવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, ડાબેરી પક્ષે હજુ સુધી આ બાબતે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી.

---

### ૮૧ હજાર કરોડના મેગા પ્રોજેક્ટ સામે રાહુલ ગાંધીના પ્રહાર

# વિકાસના નામે વિનાશ અને આદિવાસીઓ સામે મોટું કૌભાંડ

## કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ અંદામાન-નિકોબારમાં શરૂ થનારા ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ સામે સખત વાંધો ઉઠાવ્યો

નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ અંદામાન-નિકોબારમાં શરૂ થનારા ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. હાલમાં જ ગ્રેટ નિકોબારના કેમ્પબેલ બેની મુલાકાત લીધા બાદ તેમણે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ દેશના કુદરતી વારસાને નુકસાન પહોંચાડતું એક મોટું કૌભાંડ છે. રાહુલ ગાંધીએ ચિંતા વ્યક્ત કરી હતી કે વિકાસના નામે પેઢીઓ જૂના ૧૬૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા અમૂલ્ય જંગલોનો નાશ કરવામાં આવશે, જે ખરેખર વિકાસ નહીં પણ વિનાશ નોતરનારી બાબત છે. આ પ્રોજેક્ટને તેમણે પ્રકૃતિ અને આદિવાસી સંસ્કૃતિ વિરુદ્ધનો મોટો ગુનો ગણાવ્યો છે. પોતાના પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધીએ સ્થાનિક નિકોબારી સમુદાય અને આદિવાસી નેતાઓ સાથે સીધી વાતચીત કરી હતી. આદિવાસીઓએ પોતાની ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, સરકાર તેમની વાત સાંભળ્યા વગર આ પ્રોજેક્ટ આગળ વધારી રહી છે, જેના કારણે તેમની જમીન, ઘર અને રોજગારી છીનવાઈ જવાનો ડર છે. રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો કે આ પ્રોજેક્ટમાં સ્થાનિક લોકોના હિતોને બાજુ પર મૂકીને માત્ર મોટા ઉદ્યોગપતિઓને જ ફાયદો કરાવવાની તૈયારી છે. આ મુલાકાત દરમિયાન તેમણે ભારતના દક્ષિણ છેડે આવેલા ઈન્દિરા પોઈન્ટની પણ મુલાકાત લીધી હતી અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી હતી. બીજી તરફ, કેન્દ્ર સરકાર આ પ્રોજેક્ટના ફાયદા ગણાવી રહી છે. સરકારના જણાવ્યા અનુસાર, અંદાજે ૮૧,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટમાં એક આધુનિક ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ, પાવર પ્લાન્ટ અને નવા શહેરનું નિર્માણ કરવાની યોજના છે.

આ પરિયોજનાથી દરિયાઈ વેપાર, કનેક્ટિવિટી અને દેશની સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનશે તેવો સરકારનો દાવો છે.

હાલમાં આ પ્રોજેક્ટ મુદ્દે રાજકારણ ગરમાયું છે, જેમાં એક તરફ દેશના વિકાસ અને સુરક્ષાની દલીલ છે, તો બીજી તરફ પર્યાવરણ અને આદિવાસી સંસ્કૃતિના રક્ષણનો સવાલ છે.

### બંગાળમાં આ વખતે ખેલા નહીં, કમળ ખીલશે

# એક્ઝિટ પોલમાં ભાજપની બહુમતી, TMCના સૂપડા સાફ

### તમામ મોટા સર્વેમાં TMC હારતી અને ભાજપ સ્પષ્ટ બહુમતી સાથે સરકાર બનાવતી જોવા મળી રહી છે

કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ નું મતદાન પૂર્ણ થયા બાદ હવે સૌની નજર ઔપચારિક પરિણામો પર છે. પરંતુ તે પહેલાં જ સામે આવેલા એક્ઝિટ પોલના આંકડાઓએ બંગાળના રાજકારણમાં મોટો ભૂકંપ લાવી દીધો છે. આ વખતે બંગાળમાં દીદીનો ખેલા ફ્લોપ જતો દેખાઈ રહ્યો છે અને મોદીનો કમળ જોરદાર જીત સાથે ખીલતો જોવા મળી રહ્યો છે. પ્રારંભિક એક્ઝિટ પોલના ટ્રેન્ડ બંગાળમાં સત્તા પરિવર્તન તરફ ઈશારો કરી રહ્યા છે, જેમાં ભાજપ શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) ને કારમી હાર આપીને ૨૯૪ સભ્યોની વિધાનસભામાં સ્પષ્ટ બહુમતીથી સરકાર બનાવતું દેખાઈ રહ્યું છે.પશ્ચિમ બંગાળ (કુલ બેઠકો ૨૯૪, બહુમત ૧૪૮) પશ્ચિમ બંગાળ: અત્યાર સુધીના કુલ ૬ મુખ્ય એક્ઝિટ પોલમાંથી ૫ એજન્સીઓ (P-MARQ, Matrize, Chanakya, પોલ ડાયરી અને પ્રજા પોલ) બંગાળમાં ભાજપની સરકાર બનવાના સંકેત આપી રહી છે. માત્ર Peoples Pulse એકમાત્ર એવી એજન્સી છે જે TMC ની પ્રચંડ જીતનો દાવો કરી રહી છે.૧. P-MARQ, ભાજપને બહુમત P-MARQના એક્ઝિટ પોલ મુજબ પશ્ચિમ બંગાળમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતી જણાય છે, જેમાં ભાજપને ૧૫૦થી ૧૭૫ બેઠકો મળવાનું અનુમાન છે. બીજી તરફ, સત્તારૂઢ TMC+ ને ૧૧૮થી ૧૩૮ બેઠકો સાથે હારનો સામનો કરવો પડી શકે છે. આ સર્વેમાં કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને અન્ય પક્ષોનું ખાતું પણ ખૂલતું દેખાતું નથી.

૨. Matrize, ભાજપને બહુમત Matrizeના સર્વે અનુસાર બંગાળમાં રસાકસીભર્યો જંગ જોવા મળી રહ્યો છે, જેમાં ભાજપ ૧૪૬થી ૧૬૧ બેઠકો મેળવી બહુમતીના આંકડાને સ્પર્શી શકે છે. TMC+ને આ સર્વેમાં ૧૨૫થી ૧૪૦ બેઠકો મળવાની ધારણા છે, જે બહુમતીથી થોડી દૂર છે. આ એક્ઝિટ પોલમાં અન્યના ફાળે ૬થી ૧૦ બેઠકો જઈ શકે છે, જ્યારે કોંગ્રેસ અને ડાબેરીઓ શૂન્ય પર રહી શકે છે.

૩. Peoples Pulse, TMC એટલે કે મમતા બેનર્જીની સરકાર Peoples Pulseનો એક્ઝિટ પોલ અન્ય કરતાં સાવ ઉલટું ચિત્ર રજૂ કરે છે, જેમાં મમતા બેનર્જીની TMC+ ને ૧૭૮થી ૧૮૯ બેઠકો સાથે પ્રચંડ બહુમતી મળતી દેખાય છે. આ સર્વેમાં ભાજપને મોટો ફટકો પડતાં તે ૯૫થી ૧૧૦ બેઠકો પર સમેટાઈ શકે છે. કોંગ્રેસને ૧-૩ બેઠકો અને ડાબેરીઓને ૦-૧ બેઠક મળવાની શક્યતા આ સર્વેમાં દર્શાવવામાં આવી છે.

૪. Chanakya Strategies, પરિવર્તનના સંકેતો Chanakya Strategiesના એક્ઝિટ પોલ મુજબ પશ્ચિમ બંગાળમાં પરિવર્તનના સંકેતો મળી રહ્યા છે, જેમાં ભાજપને ૧૫૦-૧૬૦ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મળતી દેખાય છે. સત્તારૂઢ TMC+ આ સર્વે મુજબ ૧૩૦-૧૪૦ બેઠકો પર સમેટાઈ શકે છે, જે બહુમતીના આંકડા(૧૪૮)થી થોડી દૂર છે. અન્યના ફાળે ૬-૧૦ બેઠકો જવાની ધારણા છે, જ્યારે કોંગ્રેસ અને ડાબેરીઓને એક પણ બેઠક મળતી જણાતી નથી.૫. પોલ ડાયરી, ભાજપ મજબૂત સ્થિતિમાં પોલ ડાયરીના એક્ઝિટ પોલ મુજબ પશ્ચિમ બંગાળમાં ભાજપની સ્થિતિ ઘણી મજબૂત દેખાઈ રહી છે. આ સર્વેમાં ભાજપને ૧૪૨ થી ૧૭૧ બેઠકો મળવાનું અનુમાન છે, બીજી તરફ, સત્તારૂઢ_સ્ઝ ને ૯૯ થી ૧૨૭ બેઠકો વચ્ચે મળી શકે છે.

૬. પ્રજા પોલ, ભાજપ આવે છે! : પ્રજા પોલનું અનુમાન ભાજપ માટે સૌથી વધુ ઉત્સાહજનક છે. આ સર્વે મુજબ રાજ્યમાં સત્તા પરિવર્તનની લહેર જોવા મળી રહી છે, જેમાં ભાજપને ૧૭૮ થી ૨૦૦ બેઠકો મળવાની અંદેશો લગાવવામાં આવી રહ્યો છે. તેનાથી વિપરીત,_સ્ઝ માત્ર ૮૫ થી ૧૧૦ બેઠકો પર સમેટાઈ શકે છે.આસામ (કુલ બેઠકો-૧૨૬, બહુમતી ૬૪), ફરીથી ભાજપની બમ્પર જીતનું અનુમાન -એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલ મુજબ આસામમાં ફરી એકવાર ભાજપ ગઠબંધન (NDA) સરકાર બનાવતું દેખાય છે, જેમાં તેમને ૮૮ થી ૧૦૦ બેઠકો મળવાનું અનુમાન છે. બીજી તરફ, કોંગ્રેસ પ્લસ (INC+) ને ૨૪ થી ૩૬ બેઠકો મળી શકે છે, જ્યારે અન્યના ફાળે માત્ર ૦ થી ૩ બેઠકો જવાની શક્યતા છે.-મેટ્રિઝ એજન્સીના સર્વે અનુસાર પણ રાજ્યમાં દ્રઢછનો દબદબો જળવાયેલો જોવા મળે છે અને તેમને ૮૫ થી ૯૫ બેઠકો મળવાની ધારણા છે. કોંગ્રેસ ગઠબંધનને અહીં ૨૫ થી ૩૨ બેઠકો મળી શકે છે, જ્યારે AIUDFનું ખાતું ખૂલવાની શક્યતા નથી અને અન્યને ૬ થી ૧૨ બેઠકો મળી શકે છે.-પીપલ્સ પલ્સના આંકડા અન્ય એજન્સીઓની સરખામણીએ થોડા અલગ છે, જેમાં NDA ને ૬૮ થી ૭૨ બેઠકો મળવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પ્લસને ૨૨ થી ૨૬ બેઠકો અને AIUDF ને ૩ થી ૫ બેઠકો મળવાની શક્યતા આ એક્ઝિટ પોલમાં દર્શાવવામાં આવી છે.-પી-માર્કના એક્ઝિટ પોલ અનુસાર આસામમાં સત્તાધારી NDA ગઠબંધન ૮૨ થી ૯૪ બેઠકો મેળવીને બહુમતીના આંકડાને સરળતાથી વટાવી શકે છે. વિપક્ષી કોંગ્રેસ ગઠબંધનને ૩૦ થી ૪૦ બેઠકો મળવાનો અંદાજ છે, જ્યારે અન્ય ઉમેદવારોના ફાળે ૧ થી ૫ બેઠકો જઈ શકે છે.-પોલ ડાયરીના સર્વે મુજબ NDA ને મહત્તમ ૧૦૧ બેઠકો સુધીની મોટી જીત મળી શકે છે, તેમનું અનુમાન ૮૬ થી ૧૦૧ બેઠકોનું છે. આ પોલમાં કોંગ્રેસને ૧૫ થી ૨૬, AIUDF ને ૨ થી ૫ અને અન્ય પક્ષોને ૦ થી ૨ બેઠકો મળવાનો અંદેશો વ્યક્ત કરવામાં આવ્યો છે.-જેવીસીના એક્ઝિટ પોલના આંકડા પણ ભાજપ પ્રેરિત દ્રઢછની તરફેણમાં છે, જેમાં તેમને ૮૮ થી ૧૦૧ બેઠકો મળતી દેખાય છે. જ્યારે કોંગ્રેસ ગઠબંધન ૨૩ થી ૩૩ બેઠકો પર સમેટાઈ શકે છે અને AIUDF ને ૨ થી ૫ બેઠકો મળવાનું અનુમાન છે.પશ્ચિમ બંગાળમાં આજે મતદાનના બીજા તબક્કામાં સાંજે ૫ વાગ્યા સુધી ૮૮.૯૯ ટકા મતદાન નોંધાયું હતું. જિલ્લાઓની વાત કરીએ તો હુગલીમાં ૯૦.૩૪%, હાવડામાં ૮૯.૪૪%, કોલકાતા નોર્થમાં ૮૭.૭૭% અને કોલકાતા સાઉથમાં ૮૬.૧૧% મતદાન થયું હતું. જ્યારે નાદિયામાં ૯૦.૨૮%, નોર્થ ૨૪ પરગણામાં ૮૯.૭૪%, પૂર્વ બર્ધમાનમાં સૌથી વધુ ૯૨.૪૬% અને સાઉથ ૨૪ પરગણામાં ૮૯.૫૭% વોટિંગ નોંધાયું હતું. મુખ્યમંત્રી મમતા બેનર્જીની બેઠક ભવાનીપુરમાં ૮૫.૫૧% મતદાન થયું હતું. મહત્ત્વનું છે કે પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કામાં ૯૨.૭૨ ટકા મતદાન થયું હતું.એક્ઝિટ પોલ, મતદાન મથકોની બહાર વ્યવસ્થિત ફિલ્ડ સર્વે દ્વારા કરવામાં આવે છે, જ્યાં પ્રશિક્ષિત ટીમો નક્કી કરેલા પ્રશ્નોની મદદથી લોકોના અભિપ્રાય એકત્ર કરે છે. સેમ્પલિંગ એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે જેમાં શહેરી અને ગ્રામીણ એમ બંને પ્રકારના મતદારોનો સમાવેશ થાય, જેથી દરેકનું યોગ્ય પ્રતિનિધિત્વ થઈ શકે. એકત્રિત કરવામાં આવેલા ડેટાનું પછી વિશ્લેષણ કરવામાં આવે છે, જેથી બેઠકોની સંખ્યા અને મતદાનના વલણોનો અંદાજ લગાવી શકાય. આ જ દરેક એજન્સીના અનુમાનનો આધાર બને છે.

એક્ઝિટ પોલ માત્ર અનુમાન હોય છે, અસલી પરિણામો નથી. ઘણીવાર આ અનુમાન સાચા પડે છે અને ઘણીવાર ખોટા પણ સાબિત થાય છે, તેથી અંતિમ અને અસલી પરિણામો ૪ મેના રોજ મતગણતરીના દિવસે જ સ્પષ્ટ થશે. આ રીતે એક્ઝિટ પોલ લોકોને ચૂંટણી પછી એક શરૂઆતી ચિત્ર જરૂર આપે છે, પરંતુ અસલી નિર્ણય મતગણતરી પછી જ સામે આવે છે.

### SP રાજદીપ ઝાલાની પણ મુશ્કેલી વધી

# લોકગાયક કિર્તીદાન ગઢવીને ગુજરાત હાઈકોર્ટે ફટકારી નોટિસ

### અમદાવાદના એક ઇવેન્ટ ઓર્ગેનાઇઝરને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી ઢોર માર મારવાના ગંભીર આરોપ

અમદાવાદ,તા.૨૯

ગુજરાતના પ્રખ્યાત લોકગાયક કિર્તીદાન ગઢવી અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ કાયદાકીય ગૂંચમાં ફસાયા છે. અમદાવાદના એક ઈવેન્ટ ઓર્ગેનાઈઝરને ગેરકાયદેસર રીતે ગોંધી રાખી ઢોર માર મારવાના ગંભીર આરોપ સાથે થયેલી અરજી પર સુનાવણી કરતા ગુજરાત હાઈકોર્ટે કિર્તીદાન ગઢવી સહિત CID ક્રાઈમ સાઈબર સેલના અધિકારીઓને નોટિસ ફટકારી છે.અમદાવાદના ખોડિયારનગર વિસ્તારમાં રહેતા ઈવેન્ટ ઓર્ગેનાઈઝર જયેશ પરમારે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેમાં તેમનો દાવો છે કે વર્ષ ૨૦૨૫ની નવરાત્રિ ઈવેન્ટના આયોજન માટે જયેશ પરમાર અને કિર્તીદાન ગઢવી વચ્ચે ભાગીદારી થઈ હતી. જો કે હિસાબ-કિતાબ અને નાણાકીય લેવડદેવડમાં વિવાદ સર્જાયો હતો. આક્ષેપ છે કે ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કોઈપણ પ્રકારના વોરંટ કે નોટિસ વગર સાયબર સેલ ગાંધીનગરના અધિકારીઓએ જયેશ પરમારને સિવિલ ડ્રેસમાં અટકાયત કરી હતી અને સવારના ૧૦ થી મોડી રાતના ૨ વાગ્યા સુધી ગોંધી રાખ્યા હતા.અરજદારનો દાવો છે કે કિર્તીદાન ગઢવી અને તેમના ભાગીદારોના કહેવાથી પોલીસ અધિકારીઓએ તેમને કસ્ટડીમાં ઢોર માર માર્યો હતો. આ અંગેના પુરાવા તરીકે મેડિકલ સર્ટિફિકેટ પણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.અરજદાર જયેશ પરમારે પોતાની અરજીમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે આ સમગ્ર ઘટના પાછળ કિર્તીદાન ગઢવી મુખ્ય સૂત્રધાર છે. સિવિલ વિવાદ હોવા છતાં કાયદો હાથમાં લઈને પોલીસ સાથે સાંઠગાંઠ કરીને તેમને હેરાન કરવામાં આવ્યા હતા. વધુમાં આક્ષેપ છે કે નવરાત્રિ દરમિયાન પોલીસ અધિકારીઓ માટે ૮,૦૦૦થી વધુ ટિકિટો મફત આપવામાં આવી હતી, જેના બદલામાં તેમજ રાજકીય વગના કારણે પોલીસે કિર્તીદાનના કહેવાથી આ કાર્યવાહી કરી હોવાની શક્યતા છે.આ મામલે હાઈકોર્ટે ગંભીર નોંધ લેતા કિર્તીદાન ગઢવી, SP રાજદીપસિંહ ઝાલા, સાયબર સેલના PI બી.એમ. ચૌધરી અને PSI પરમારને ખુલાસો કરવા નોટિસ જાહેર કરી છે. કોર્ટે ૨૦ અને ૨૧ ફેબ્રુઆરીના પોલીસ સ્ટેશનના તમામ ઝઝ્રફ ફૂટેજ સુરક્ષિત રાખવા હુકમ કર્યો છે, જેથી સત્ય શું છે તે બહાર આવી શકે. આ કેસ હાલમાં કોર્ટના આધીન છે અને બંને પક્ષોના પુરાવાઓ તપાસ્યા બાદ જ અંતિમ ચુકાદો આવશે. કિર્તીદાન ગઢવી જેવા જાણીતા કલાકારનું નામ આ વિવાદમાં ઉછળતા મનોરંજન જગતમાં ભારે ચર્ચાઓ જાગી છે.

### સબરીમાલા વિવાદમાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

# સમાજ સુધારાના નામે ધર્મની મૂળ ભાવના સાથે ચેડાં ન કરી શકાય

### કોર્ટે પૂછ્યું કે, ઉત્તર ભારતમાં રહેતી કોઈ બિન-શ્રદ્ધાળુ વ્યક્તિ આખરે કયા આધારે સબરીમાલા મંદિરમાં પ્રવેશનો અધિકાર માંગી શકે

નવી દિલ્હી, તા. ૨૯

સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ અને ધાર્મિક સ્વતંત્રતા સાથે જોડાયેલા મામલાઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઉઠાવ્યો છે. કોર્ટે પૂછ્યું કે, ઉત્તર ભારતમાં રહેતી કોઈ બિન-શ્રદ્ધાળુ વ્યક્તિ આખરે કયા આધારે સબરીમાલા મંદિરમાં પ્રવેશનો અધિકાર માંગી શકે. અદાલતે સ્પષ્ટ કહ્યું કે, 'સમાજ સુધારાના નામે ધર્મની મૂળ ભાવના સાથે ચેડાં ન કરી શકાય.'સુનાવણી દરમિયાન જસ્ટિસ બી. વી. નાગરત્નાએ જણાવ્યું કે, ભારતની સભ્યતા અને ધાર્મિક ઈતિહાસને નજર અંદાજ કરવો શક્ય નથી. બંધારણની કલમ-૨૫ અને ૨૬ પણ આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી જ વિકસિત થઈ છે. કોર્ટના જણાવ્યા અનુસાર વર્તમાનને સમજવા માટે ભૂતકાળની અવગણના કરી શકાય નહીં. નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે કહ્યું કે, મંદિર પ્રવેશના અધિકાર સાથે જોડાયેલા મામલાઓમાં એ જોવું જરૂરી છે કે, દાવો કરનાર વ્યક્તિ ભક્ત છે કે નહીં. કોર્ટે સંકેત આપ્યો કે, ધાર્મિક સ્થળો સાથે જોડાયેલા મામલાઓમાં આસ્થાનું પાસું પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કોર્ટે આ ટિપ્પણી તે અરજીઓની સુનાવણી દરમિયાન કરી છે, જેમાં સબરીમાલા સહિત વિવિધ ધાર્મિક સ્થળો પર મહિલાઓ સાથે કથિત ભેદભાવનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. અદાલત આ મામલામાં ધાર્મિક સ્વતંત્રતા અને સમાનતાના અધિકાર વચ્ચેના સંતુલન પર વિચાર કરી રહી છે.વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે દલીલ કરી કે, સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ અંગે સુપ્રીમ કોર્ટનો અગાઉનો નિર્ણય હજુ પણ અસ્તિત્વમાં છે અને તેના પર કોઈ સ્ટે નથી. તેમ છતાં મહિલાઓને મંદિરમાં પ્રવેશ મળી રહ્યો નથી જેનું કારણ રાજ્ય સરકારનો અસહયોગ છે. તેમણે એમ પણ કહ્યું કે, અદાલત ધર્મની વ્યાખ્યા નક્કી કરતી નથી પરંતુ તે નક્કી કરવું ધાર્મિક પરંપરાઓ અને માન્યતાઓનો વિષય છે. સુનાવણી દરમિયાન એ પણ ચર્ચા થઈ કે શું બંધારણને સંપૂર્ણ રીતે નવા દૃષ્ટિકોણથી જોવું જોઈએ કે પછી ઐતિહાસિક સંદર્ભોને ધ્યાનમાં રાખીને તેની વ્યાખ્યા કરવી જોઈએ. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે ઊંડી ચર્ચા થઈ હતી.

તેમણે કહ્યું કે, મહિલાઓને ૧૦થી ૫૦ વર્ષની વય વચ્ચે મંદિરમાં પ્રવેશતાં અટકાવવી એ અધિકારોથી વંચિત રાખવા સમાન છે. જયસિંગે સુપ્રીમ કોર્ટના ૨૦૧૮ના ચુકાદાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તે નિર્ણયમાં મહિલાઓના પ્રવેશ પરના પ્રતિબંધને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યો હતો. આમ છતાં આજે પણ મહિલાઓને મંદિરમાં પ્રવેશમાં અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.કોર્ટે આ બાબતે સ્પષ્ટ કહ્યું કે, મહિલાને તેના સામાજિક વર્ગના કારણે નહીં પરંતુ વય જૂથના આધારે રોકવામાં આવી હતી. સાથે જ કોર્ટે એમ પણ કહ્યું કે, વિવિધતા એ જ ભારતની શક્તિ છે અને બંધારણની કલમ ૨૬ હેઠળ ધાર્મિક સંપ્રદાયોને પોતાના મામલાઓનું સંચાલન કરવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું કે, કોઈ ધાર્મિક પ્રથાને આવશ્યક કે બિન-આવશ્યક જાહેર કરવી એ ન્યાયાલય માટે અત્યંત જટિલ કાર્ય છે.

### રાજ્ય ચૂંટણી પંચે વોટ શેરના આંકડા જાહેર કર્યા

# વોટ શેર ના આંકડા જાહેર થતાં રાજનીતિક રણનીતિ સ્પષ્ટ થઈ

### કોંગ્રેસ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ચિંતાજનક સમાચાર લાવી : મહાનગરપાલિકામાં કોંગ્રેસનો વોટ શેર ઘટ્યો

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો બાદ હવે વોટશેરના આંકડા સામે આવ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે, રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીએ પોતાનો મજબૂત ગઢ જાળવી રાખ્યો છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બીજા ક્રમ માટે રસાકસી જોવા મળી રહી છે. શહેરી મતદારોમાં ભાજપ પર ખૂબ જ મજબૂત વિશ્વાસ દર્શાવ્યો છે. મહાનગરપાલિકાઓમાં ભાજપે લગભગ ૫૯.૩૬% વોટશેર સાથે પ્રચંડ જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસને ૨૬.૪૬% પર વોટ જ મળ્યા છે. નોંધનીય છે કે, મહાનગરપાલિકા સ્તરે આમ આદમી પાર્ટીએ ૧૦.૨૭% વોટ મેળવીને શહેરી રાજકારણમાં પોતાની હાજરી મજબૂત કરી રહી છે.

શહેરી વિસ્તારોમાં સત્તાધારી પક્ષ ભાજપે પોતાની પકડ વધુ મજબૂત કરી છે. ૨૦૨૧માં ભાજપનો વોટ શેર ૫૨.૯૦% હતો, જે ૨૦૨૬માં ૬.૪૬%ના જંગી વધારા સાથે ૫૯.૩૬% પર પહોંચ્યો છે. તેની સામે કોંગ્રેસનો વોટ શેર ૨૬.૭૫% થી ઘટીને ૨૬.૪૬% થયો છે. સૌથી મોટો ફટકો આમ આદમી પાર્ટીને પડ્યો છે, જેનો વોટ શેર મહાનગરોમાં ૧૩.૯૧%થી ઘટીને ૧૦.૨૭% (૩.૪૬% નો ઘટાડો) થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય ચિત્ર તદ્દન અલગ જોવા મળ્યું છે. જિલ્લા અને તાલુકા પંચાયતોમાં આમ આદમી પાર્ટીના વર્ચસ્વમાં મોટો ઉછાળો આવ્યો છે. જિલ્લા પંચાયતમાં આપનો વોટ શેર ૨.૮૯% થી વધીને ૧૨.૦૪% થયો. તાલુકા પંચાયતમાં આપનો વોટ શેર ૨.૫૬% થી વધીને ૧૨.૬૭% (૧૦.૧૧% નો વધારો) થયો. બીજી તરફ, ગ્રામ્ય સ્તરે ભાજપ અને કોંગ્રેસ બંનેને નુકસાન થયું છે. કોંગ્રેસનો વોટ શેર જિલ્લા પંચાયતમાં ૫.૧૮% અને તાલુકા પંચાયતમાં ૫.૧૪% જેટલો ઘટ્યો છે. ત્રીજા પક્ષ તરીકે આપની મજબૂત એન્ટ્રીને કારણે કોંગ્રેસના પરંપરાગત મતોમાં ગાબડું પડ્યું હોય તેવું જણાય છે.

નગરપાલિકા સ્તરે કોંગ્રેસ માટે સારા સમાચાર છે, જ્યાં તેનો વોટ શેર ૧.૭% વધીને ૩૦.૬૮%થયો છે. જોકે, અહીં સૌથી ચોંકાવનારું પ્રદર્શન અપક્ષોનું રહ્યું છે. ૨૦૨૧માં માત્ર ૧.૧૯% વોટ શેર ધરાવતા અપક્ષો ૨૦૨૬માં ૯.૩૩% મતો મેળવવામાં સફળ રહ્યા છે. રાજકીય વિશ્લેષકો માને છે કે મુખ્ય પક્ષો દ્વારા ટિકિટ વહેંચણીમાં થયેલા વિવાદોને કારણે જનતાએ અપક્ષ ઉમેદવારો પર પસંદગી ઉતારી છે.સમગ્રપણે જોતા, મહાનગરપાલિકાઓ સિવાયના વિસ્તારોમાં સત્તાધારી ભાજપના વોટ શેરમાં આંશિક ઘટાડો નોંધાયો છે, જ્યારે કોંગ્રેસ માટે ગ્રામ્ય સ્તરે 'આપ' મોટો પડકાર બનીને ઉભરી છે. બીજી તરફ, નગરપાલિકાઓમાં અપક્ષોની વધતી શક્તિ પ્રસ્થાપિત પક્ષો માટે લાલબત્તી સમાન છે.મહાનગરપાલિકામાં વોટશેર : ભાજપ- ૫૯.૩૬%, કોંગ્રેસ- ૨૬.૪૬%, આપ- ૧૦.૨૭% અને અપક્ષ- ૦૧.૧૫% નગરપાલિકામાં વોટશેર : ભાજપ- ૫૨.૫૧%, કોંગ્રેસ- ૩૦.૬૮%, આપ- ૦૪.૮૯% અને અપક્ષ-૦૯.૩૩%

જિલ્લા પંચાયતમાં વોટશેર : ભાજપ- ૫૨.૨૩%, કોંગ્રેસ- ૩૩.૦૭%, આપ- ૧૨.૦૪%, અપક્ષ- ૦૧.૩૪%તાલુકા પંચાયતમાં વોટશેર : ભાજપ- ૫૧.૦૦%, કોંગ્રેસ- ૩૨.૮૯%, આપ- ૧૨.૬૭%, અપક્ષ- ૦૩.૦૩% નગરપાલિકાઓમાં ભાજપનો વોટશેર ૫૨.૫૧% રહ્યો છે. જ્યારે કોંગ્રેસે ૩૦.૬૮% વોટ મેળવીને મહાનગરપાલિકા કરતા સારું પદર્શન કર્યું. નગરપાલિકામાં આમ આદમી પાર્ટીનો વોટશેર ૦૪.૮૯% રહ્યો છે. જો કે, ચોંકાવનારી વાત એ છે કે, નગરપાલિકાઓમાં અપક્ષ ઉમેદવારોએ ૯.૩૩% વોટ મેળવ્યા છે. આ વોટશેર દર્શાવે છે કે, સ્થાનિક પ્રશ્નો પર અપક્ષો પર પણ મતદારોએ ભરોસો મૂક્યો છે. આ આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે, ગુજરાતનું ગ્રામીણ રાજકારણ હવે માત્ર બે પાર્ટી વચ્ચે સીમિત નથી રહ્યું, પરંતુ ત્રીજી પાર્ટીની હાજરી પણ નિર્ણાયક બની રહી છે. તમામ સ્તરે ભાજપે ૫૦%થી વધુ વોટશેર જાળવી રાખીને પોતાની પકડ સાબિત કરી છે. બીજીતરફ કોંગ્રેસ હજુ પણ મુખ્ય વિરોધ પક્ષ તરીકે ટકી રહી છે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં (૩૨-૩૩% વોટશેર) તેનો પ્રભાવ શહેરો કરતા વધુ છે. આમ આદમી પાર્ટીએ પંચાયતોમાં ૧૨%થી વધુ વોટ મેળવીને સાબિત કર્યું છે કે, તે હવે માત્ર શહેરો પૂરતી સીમિત નથી, પરંતુ ગામડાઓમાં પણ પગપેસારો કરી રહી છે.

### દરેક ધાર્મિક સંસ્થામાં નીતિ-નિયમો હોવા જરૂરી

# ધાર્મિક પ્રવૃત્તિના નામે રોડ બ્લોક ના કરી શકો : સબરીમાલા કેસમાં સુપ્રીમ

### ધાર્મિક નિયમોમાં પણ બંધારણનું પાલન થવું જરૂરી તેમાં કોઇ પણની મનમાની ના ચલાવી લેવાય : સુપ્રીમ

નવી દિલ્હી, તા.૨૯

સબરીમાલામાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ સહિતના આવા મામલા પર હાલ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. એવામાં સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું છે કે દરેક ધાર્મિક સંસ્થાના નિયમો હોવા જોઈએ, ધાર્મિક સંસ્થાના સંચાલનનો અર્થ અરાજકતા ના થઈ શકે. સાથે જ સુપ્રીમે કહ્યું કે ધાર્મિક કાર્યોના નામે રોડ બ્લોક ના કરી શકાય. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ દ્વારા મહિલાઓના અધિકારો અને ધાર્મિક રીતી રીવાજો, પ્રવેશબંધી વગેરે મુદ્દે થયેલી અરજીઓની સંયુક્ત રીતે સુનાવણી ચાલી રહી છે. સુનાવણી દરમિયાન ન્યાયાધીશ અમાનુલ્લાહે કહ્યું હતુ કે મેનેજમેન્ટનો મતલબ એ ન થાય કે ત્યાં કોઈ જ માળખુ કે નીતિ નિયમો જ ના હોય, દરેક પ્રક્રિયા માટે એક નિયમ હોવો જોઈએ. દરગાહ હોય કે મંદિર પૂજાપાઠ વગેરે કાર્યો માટે એક રીત હોય છે.

દરેક પોતાની મન મરજી કરે તે ના ચલાવાય. સુપ્રીમે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ધાર્મિક નિયમો બંધારણથી ઉપર ના હોઈ શકે, ધાર્મિક નિયમોમાં પણ બંધારણનું પાલન થવું જોઈએ. અને તેથી કોઈ પણ પ્રકારનો ભેદભાવ ના ચલાવી લેવાય. ન્યાયાધીશ અમાનુલ્લાહે કહ્યું હતુ કે કોઈ પણ ધર્મ સાથે જોડાયેલ ધાર્મિક સ્થળ કેમ ના હોય ત્યાં અરાજક્તા ના ચલાવી લેવાય, પૂજાપાઠ ઈબાદત વગેરેની એક રીત હોય છે. એવું ના હોવું જોઈએ કે કોઈ આવીને કહે કે હું જેમ ઈચ્છુ તેમ જ થવું જોઈએ. જે પણ ધાર્મિક નિયમો ઘડવામાં આવે કે અમલ કરવામાં આવે તે બંધારણથી ઉપર ના હોવા જોઈએ, તેમાં પણ બંધારણનું પાલન થયેલુ હોવું જરૂરી છે. આ મામલામાં હજુ પણ આગળ સુનાવણી ચાલુ રહેશે.

### બસવર્લ્ડ ઇન્ડિયા ૨૦૨૬ શિખર સંમેલનમાં ગડકરી પહોંચ્યા

# પેટ્રોલ-ડીઝલનો જમાનો પૂરો? ઓટો કંપનીઓને ગડકરીની ચેતવણી

નવી દિલ્હી, તા.૨૯

ભારતના વાહનવ્યવહાર ક્ષેત્રે આવનારા સમયમાં ધરખમ ફેરફારો થવા જઈ રહ્યા છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ઓટોમોબાઈલ ક્ષેત્રની કંપનીઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે, ભારત હવે પેટ્રોલ અને ડીઝલ જેવા પરંપરાગત ઈંધણથી હંમેશ માટે દૂર જઈ રહ્યું છે. બેંગલુરુમાં આયોજિત બસવર્લ્ડ ઈન્ડિયા ૨૦૨૬ શિખર સંમેલનમાં બોલતા ગડકરીએ કહ્યું કે, જો કંપનીઓ સમયસર વૈકલ્પિક ઈંધણ તરફ નહીં વળે, તો તેઓ મુશ્કેલીમાં મુકાઈ શકે છે.ભારત સરકારના આ કડક વલણ પાછળ વૈશ્વિક સ્તરે વધી રહેલો તણાવ એક મુખ્ય કારણ છે. ખાસ કરીને અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે દુનિયાભરમાં ઊર્જા સંકટ ઊભું થયું છે. ભારત અત્યારે ક્રૂડ ઓઈલની જરૂરિયાત માટે બીજા દેશો પર નિર્ભર છે, તેથી જો વૈશ્વિક સપ્લાય ચેઈનમાં કોઈ અવરોધ આવે તો ભારત માટે મોટું આર્થિક જોખમ ઊભું થઈ શકે છે. આ સ્થિતિને પહોંચી વળવા સરકાર ભારતને ઊર્જા ક્ષેત્રે સંપૂર્ણપણે સ્વનિર્ભર બનાવવા માંગે છે.

નીતિન ગડકરીએ જણાવ્યું કે પેટ્રોલ-ડીઝલનું ભાવિ હવે ઉજ્જ્વળ નથી, તેથી કંપનીઓએ નીચેના પાંચ વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએઃ૧. હાઈડ્રોજન (Hydrogen): સરકાર અત્યારે હાઈડ્રોજન ફ્યુઅલના પાયલટ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. ટૂંક સમયમાં દેશના ૧૦ મુખ્ય માર્ગો પર હાઈડ્રોજનથી ચાલતી બસો અને ટ્રકો જોવા મળશે.૨. ઈલેક્ટ્રિક વાહનો (EV): ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન અત્યાર કરતા ત્રણ ગણું વધારવા અપીલ કરવામાં આવી છે જેથી સામાન્ય લોકોને સસ્તું પરિવહન મળી શકે. ૩. ઈથેનોલ (Ethanol): પેટ્રોલ પરની નિર્ભરતા ઘટાડવા માટે ઈથેનોલના મિશ્રણને વધારવાની યોજના છે. ગડકરીએ કંપનીઓને ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન બનાવવા પર ભાર મૂકવા કહ્યું છે. ૪. સીએનજી (CNG): પ્રદૂષણ ઘટાડવા અને આર્થિક બચત માટે સીએનજી એક ઉત્તમ વિકલ્પ તરીકે ચાલુ રહેશે.

૫. એલએનજી (LNG): ભારે વાહનો અને લાંબા અંતરના પરિવહન માટે એલએનજી એટલે કે લિક્વિફાઈડ નેચરલ ગેસના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.

# પ્લાસ્ટિકના નાના પાઉચ પર સંપૂર્ણ પ્રતિબંધની તૈયારી

### પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે સરકારે કુદરતી અને રિસાયકલ થઈ શકે તેવી સામગ્રીના પ્રયોગ માટેની છૂટ આપી શકે છે

નવી દિલ્હી, તા.૨૯

જો તમે પાન મસાલા કે ગુટખાના શોખીન છો, તો ટૂંક સમયમાં તમને આ પ્રોડક્ટ્સ નવા અવતારમાં જોવા મળશે. પર્યાવરણ અને જાહેર સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે પ્લાસ્ટિકના નાના પાઉચ (સેશે) પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે.ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI) દ્વારા ખાદ્ય સુરક્ષા અને માનક (પેકેજિંગ) સુધારા નિયમ, ૨૦૨૬નો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમનો હેતુ પાન મસાલા ઉદ્યોગમાંથી પ્લાસ્ટિકનો વપરાશ જડમૂળથી ખતમ કરવાનો છે. નવા ડ્રાફ્ટ મુજબ કોઈપણ પ્રકારના પ્લાસ્ટિક પેકેટ કે સેશે પર પ્રતિબંધ રહેશે. ઉપરાંત પોલીથીન, પીવીસી (PVC) કે અન્ય સિન્થેટિક મટીરિયલ, ચમકદાર એલ્યુમિનિયમ ફોઈલ પેકેજિંગનો ઉપયોગ કરી શકાશે નહી. માત્ર વેચાણ જ નહીં, પણ આ ઉત્પાદનોના પેકેજિંગ, સ્ટોરેજ અને વિતરણમાં પણ પ્લાસ્ટિકના ઉપયોગ પર કડક મનાઈ ફરમાવવામાં આવશે. પ્લાસ્ટિકના વિકલ્પ તરીકે સરકારે કુદરતી અને રિસાયકલ થઈ શકે તેવી સામગ્રીના પ્રયોગ માટેની છૂટ આપી શકે છે. જેમાં પેપર અથવા પેપર બોર્ડ, સેલ્યુલોઝ જેવી કુદરતી સામગ્રી, ટીન કન્ટેનર અથવા કાચની બોટલ/ડબ્બાનો ઉપયોગ કરી શકાશે. પાન મસાલાના નાના પ્લાસ્ટિક પાઉચ ગમે ત્યાં ફેંકવાને કારણે ગટરો જામ થાય છે અને પર્યાવરણને ભારે નુકસાન થાય છે. આ કચરાનો નિકાલ કરવો લગભગ અશક્ય હોય છે. કુદરતી પેકેજિંગથી આ પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે.FSSAI એ આ ડ્રાફ્ટ જાહેર કરીને આગામી ૩૦ દિવસમાં જનતા અને ઉદ્યોગ જગત પાસેથી સૂચનો અને વાંધાઓ મંગાવ્યા છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સરકાર તેને કાયદા તરીકે લાગુ કરશે.

### હવે ભારતને ફાયદો થવાની શક્યતા

# ઓઈલ માર્કેટમાં ભંગાણ! UAEએ ૫૯ વર્ષ જૂનું OPEC છોડ્યું

### ભારત લગભગ ૮૫ ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે, તેથી ઓપેકમાં થતી કોઈપણ હિલચાલ સીધી જ ભારતના અર્થતંત્રને અસર કરે છે

નવી દિલ્હી, તા.૨૯

મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે હોર્મુઝની ખાડીમાં ઈરાન તથા અમેરિકા બંનેની નાકાબંધીથી દુનિયાભરમાં ક્રૂડ ઓઈલના સંકટ વચ્ચે સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)એ ઓપેક અને ઓપેક પ્લસ જૂથમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી દીધી છે. યુએઈ મુજબ તેઓ ૧ મેના રોજ આ જૂથનું સભ્યપદ છોડી દેશે. જોકે, યુએઈએ મધ્ય-પૂર્વમાં ચાલતા યુદ્ધના કારણે નહીં પરંતુ સાઉદી આરબ સાથે ચાલતા વિવાદના કારણે આ નિર્ણય કર્યો હોવાનું મનાય છે. આ બંને દેશ અનેક મોરચા પર એકબીજાની સામ-સામે છે. યુએઈના આ નિર્ણયથી ભારતને ફાયદો થવાની શકયતા છે.સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)ના ઊર્જા મંત્રીએ જણાવ્યું કે, યુએઈ ૧૯૬૭થી ઓપેક અને ઓપેક પ્લસનું સભ્ય રહ્યું છે, પરંતુ ભવિષ્યમાં દુનિયાને વધુ ઊર્જાની જરૂર પડશે તથા માગ વધશે. આવા સમયે ઊર્જા ક્ષેત્ર, પેટ્રોલિયમ સેક્ટર અને અન્ય રણનીતિઓની સાવધાનીપૂર્વક સમીક્ષા પછી આ નિર્ણય લેવાયો છે. હોર્મુઝની ખાડી પર નાકાબંધીના વર્તમાન અવરોધોના કારણે ઓઈલ બજાર પહેલા કરતાં વધુ અસ્થિર છે. તેથી યુએઈએ આ નિર્ણય લીધો છે, જેથી બજાર પર વધુ અસર ના પડે. ઓપેક અને ઓપેક પ્લસ સંગઠનમાં સાઉદી આરબનું પ્રભુત્વ છે, જે ઓઈલના વૈશ્વિક ભાવોને ઊંચા રાખવા ઉત્પાદન વધારવા અથવા ઘટાડવાનો નિર્ણય કરે છે. બીજીબાજુ યુએઈએ પોતાની ઓઈલ ઉત્પાદન ક્ષમતા વધારવા અબજો ડોલરનું રોકાણ કર્યું છે, પરંતુ ઉત્પાદનમાં કાપના ઓપેકના પ્રતિબંધના કારણે યુએઈ પોતાની પુરી ક્ષમતાનો ઉપયોગ નથી કરી શકતું. યુએઈ હાલમાં દૈનિક ૨.૯ મિલિયન બેરલ ઓઈલનું ઉત્પાદન કરે છે જ્યારે તેની વર્તમાન ક્ષમતા દૈનિક ૪.૮૫ મિલિયન બૈરલની છે તથા યુએઈનું લક્ષ્ય ૨૦૨૭ સુધીમાં ઉત્પાદનની ક્ષમતા દૈનિક પાંચ મિલિયન બેરલ કરવાની છે. આવા સંજોગોમાં ઓપેકમાંથી બહાર નીકળવાથી યુએઈ પર ઉત્પાદનના પ્રતિબંધો લાગુ નહીં પડે અને તે બજારની માગ મુજબ પોતાની ક્ષમતાથી ઓઈલનું ઉત્પાદન કરવા સક્ષમ બનશે. આ સિવાય ઓપેક માત્ર ડોલરમાં જ ઓઈલના સોદા કરે છે જ્યારે આ સંગઠનમાંથી બહાર નીકળ્યા પછી યુએઈ ઓઈલ માટે ચીન સાથે યુઆનમાં પણ સોદા કરવા સ્વતંત્ર થઈ શકે છે. યુએઈએ આ મહિનાની શરૂઆતમાં જ અમેરિકાને ચેતવણી આપી હતી કે, ઈરાન સામેનું યુદ્ધ લાંબુ ચાલશે અને તેને આર્થિક નુકસાન થશે તો તે ચીન સાથે યુઆનમાં ઓઈલના સોદા કરવા તૈયાર છે.યુએઈના ઓપેકમાં નિકળવાથી ભારતને ફાયદો થવાની શક્યતા છે. ભારત લગભગ ૮૫ ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે, તેથી ઓપેકમાં થતી કોઈપણ હિલચાલ સીધી જ ભારતના અર્થતંત્રને અસર કરે છે. યુએઈ ઓપેકની ક્વોટા સિસ્ટમમાંથી બહાર થઈને ઓઈલ ઉત્પાદન વધારશે તો વૈશ્વિક સ્તરે ઓઈલના ભાવ ઘટશે. તેનાથી ભારતને પણ આયાતી ઓઈલ સસ્તુ મળી શકે છે.

# વડિયા–કુંકાવાવ પંથકમાં ભાજપનો દબદબો યથાવત, કોંગ્રેસના સુપડા સાફ અમુક ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત






વડિયા–કુંકાવાવ પંથકમાં યોજાયેલી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો દબદબો યથાવત રહ્યો છે. મતદાતાઓએ વિકાસના મુદ્દાઓને પ્રાધાન્ય આપતાં ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ વ્યકત કર્યો છે. જિલ્લા પંચાયતની કુલ ત્રણેય બેઠકો પર ભાજપે ભવ્ય વિજય નોંધાવ્યો છે. જયારે તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકોમાંથી ૧૩ બેઠકો પર ભાજપે જીત મેળવી ભગવો લહેરાવ્યો છે. બાકીની ૩ બેઠકો પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી પોતાનો પ્રભાવ દર્શાવ્યો છે. આ બેઠકોમાં કુંકાવાવ, દેવળકી અને લુણીધારનો સમાવેશ થાય છે. વડિયા વિસ્તારમાં આ વખતે ત્રિપક્ષીય જંગ જોવા મળ્યો હતો, જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે કડક ટક્કર જોવા મળી હતી. ભાજપ દ્વારા વડિયાના તુષારભાઈ ગણાત્રાને ત્રીજી વખત ઉમેદવાર તરીકે રીપીટ કરવામાં આવ્યા હતા, જેને લઈને કેટલાક અસંતોષના સ્વર પણ ઉઠ્યા હતા. કેટલાક નારાજ કાર્યકર્તાઓએ પાર્ટી છોડી અન્ય પક્ષ સાથે જોડાઈ ભાજપના ઉમેદવારોને પડકારવાનો પ્રયાસ કર્યો હતો. તે છતાં, મતદાતાઓએ તમામ અટકળોને નકારી ભાજપને સ્પષ્ટ બહુમતી આપી છે. ભાજપના બંને મુખ્ય ઉમેદવારો ભવ્ય મતોથી વિજયી બન્યા છે. બીજી તરફ, કોંગ્રેસ માટે આ ચૂંટણી નિરાશાજનક રહી છે, જયાં પંથકમાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે. મહત્વની વાત એ છે કે કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના અમુક ઉમેદવારોની ડિપોઝિટ પણ જપ્ત થઈ ગઈ છે. ચૂંટણી પૂર્વે વડિયા શહેરમાં યોજાયેલી સભામાં ગુજરાત સરકારના કાયદા, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મતદાતાઓને ભાજપના સમર્થનમાં મતદાન કરવા અપીલ કરી હતી. જેના પ્રતિસાદરૂપે મતદાતાઓએ ભાજપને ખોબલે ખોબલે મત આપી વિજય અપાવ્યો છે. આ રીતે વડિયા–કુંકાવાવ પંથકમાં ફરી એકવાર ભાજપનો વિજયધ્વજ લહેરાયો છે અને વિકાસના એજન્ડાને જનતાએ મજબૂત સમર્થન આપ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ''પાસા'' હેઠળ કાર્યવાહી

પ્રોહિબીશન ગુનાઓને લગતી અસામાજીક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત કરી તેઓને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપવા માટે સુચના આપવામાં આવેલ હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. ઝાલાએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી ગુનાઓમાં સંડોવાયેલ ઈસમ વિરૂધ્ધ પાસા અંગે દરખાસ્ત તૈયાર કરી જે પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી તરફ મોકલી આપવામાં આવેલ હતી.

જે અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજએ અમરેલીનાં કુંકાવાવ જકાતનાકા પાસે સુળીયાટીંબા વિસ્તારમાં રહેતા જયંતિ ઉર્ફે કાબો જગદીશભાઈ ઉર્ફે જગાભાઈ પરમાર નામના ઈસમ વિરૂધ્ધ દરખાસ્ત માન્ય રાખતા તે ઈસમને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે.

સંકુલ ધો. ૬ થી ૮ પ્રવેશ
ગર્લ્સ સ્કૂલ બપોર
મિશ્ર સ્કૂલ સવાર
EM સ્કૂલ સવાર
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી. -Ad 026

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૪૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૫ | ૧૬૧૫ |
| ૩ | શિંગદાણા | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૮૦૫ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૬૫ |
| ૬ | તલ કાળા | ૧૭૯૫ | ૩૭૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૯૪૫ | ૧૯૪૫ |
| ૮ | બાજરો | ૪૮૫ | ૪૮૫ |
| ૯ | જુવાર | ૩૮૫ | ૯૦૦ |
| ૧૦ | ઘઉં બંસી | ૪૧૫ | ૪૧૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૩૯૦ | ૫૭૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૦ |
| ૧૩ | ચણા | ૭૮૦ | ૧૦૭૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૧૦ | ૧૦૫૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૯૦ | ૧૧૮૫ |
| ૧૬ | તુવેર | ૯૧૦ | ૧૫૧૦ |
| ૧૭ | કપાસ | ૧૦૫૦ | ૧૮૮૫ |
| ૧૮ | એરંડા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| ૨૦ | રાયડો | ૧૧૯૫ | ૧૨૦૦ |
| ૨૧ | ધાણા | ૨૪૦૦ | ૨૪૪૦ |
| ૨૨ | ધાણી | ૨૧૦૦ | ૨૫૫૫ |
| ૨૩ | અજમા | ૧૨૨૦ | ૧૮૫૦ |
| ૨૪ | મેથી | ૧૦૬૫ | ૧૨૯૫ |
| ૨૫ | સોયાબીન | ૧૧૪૦ | ૧૨૦૦ |
| ૨૬ | મરચા લાંબા | ૧૬૬૦ | ૬૭૫૦ |
| ૨૭ | મરચા ઘોલર | ૭૭૦૦ | ૭૭૦૦ |
| ૨૮ | વરીયાળી | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૨૯ | કાંગ | ૫૫૦ | ૫૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલામાં વીજળી ગુલ થતાં

લાઈટ બંધ થવાનાં મુદે બાજુબાજુમાં રહેતાં કુટુંબીઓ વચ્ચે મારામારી થવા પામેલ છે.

આ બનાવમાં સાવરકુંડલા ગામે પાવર હાઉસ પાછળ રહેતાં લાભુબેન છનાભાઈ પદમાભાઈ પરમાર નામનાં ૫૮ વર્ષીય મહિલાની બાજુમાં રહેતાં તેમનાં દિયર જગદીશ પદમાભાઈ પરમારના ઘરે ગત તા. ૨૭ના રોજ રાત્રે ૧૧ વાગ્યે લાઈટ જતી રહેલ હતી. જેથી આરોપી કેતનભાઈ જગદીશભાઈ પરમારે તેમની ભાભુના ઘરની લાઈટનો કેબલ કાપી નાખેલ હતો. જેથી તેણીના પતિએ ઠપકો આપતા તેણીનાં દિયરે તેણીના પતિ એટલે કે આરોપીનાં મોટાભાઈ છનાભાઈ પદમાભાઈ પરમારને ગાળો દેવા લાગેલ હતાં અને આરોપી કેતનભાઈએ લાકડીનો એક ઘા તેણીનાં ભાભુને માથાના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડી તથા તેણીના પતિને માથાના ભાગે લાકડીનો એક ઘા મારી તેમને પણ ઈજા પહોંચાડી હતી તથા આરોપી ઘનશ્યામભાઈ જગદીશભાઈ પરમારે તેણીને તથા તેણીના પતિને ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આજ બનાવમાં સામાપક્ષે આરોપી છનાભાઈ પદમાભાઈ પરમાર, ભરતભાઈ છનાભાઈ પરમાર, દીપકભાઈ છનાભાઈ પરમારે સામે ફરિયાદ નોંધાવતાં ઘનશ્યામભાઈ પદમાભાઈ પરમારે જણાવેલ છે કે, પોતાના ભાઈને આરોપી કહેવા લાગેલ કે તે અમારા ઘરની લાઈટ કેમ કાપી નાખેલ છે. તેમ કહી ગાળો બોલવા લાગેલ અને ઈંટના છુટા ઘા મારવા લાગેલ. જેથી ઘનશ્યામભાઈ તથા તેમના પિતાજી વચ્ચે પડતા તેમને માથાના પાછળના ભાગે ઈંટનો છુટો એક ઘા મારી માથામાં ઈજા પહોંચાડયાની સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અવસાન નોંધ

**ચલાલા :** દેસાભાઈ છનાભાઈ વાળા (ઉ.વ. ૭૮) તે યુવા અગ્રણી ઉમેશભાઈ વાળાનું ૨૯ એપ્રિલના રોજ અવસાન પામેલ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૩૫ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૪૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૧૦ | ૨૨૬૦ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૬૮૪ |
| ૫ | જીરૂ | ૩૩૫૦ | ૪૦૦૦ |
| ૬ | કપાસ | ૧૪૭૫ | ૧૮૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૯૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૮૯૦ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૫૨૦ |
| ૧૨ | અડદ | ૧૧૦૦ | – |
| ૧૩ | ચણા | ૧૦૩૦ | ૧૦૭૧ |
| ૧૪ | દેશી ચણા | ૧૦૪૦ | ૧૧૦૦ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૧૬ | એરંડી | ૧૧૮૦ | ૧૨૩૦ |
| ૧૭ | મેથી | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૧૮ | રાય/રાયડો | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૯ | ધાણા | ૨૧૦૦ | ૨૪૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## ભાજપ દ્વારા વિજયોત્સવની ઉજવણી

હતા અને સમગ્ર શહેર દેશભકિત અને વિકાસના સંદેશોથી ગુંજી ઉઠયું હતું. આ વિજય રેલીથી ભાજપના કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને આવનારા સમયમાં વિકાસના કાર્યોને વધુ વેગ મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૫૦ | ૧૮૭૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૬૧૦ |
| ૩ | મગફળી | ૧૨૫૦ | ૧૪૬૦ |
| ૪ | જીરૂ | ૩૨૪૦ | ૪૦૭૦ |
| ૫ | ચણા | ૧૦૨૫ | ૧૦૬૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૭ | તુવેર | ૧૨૪૦ | ૧૪૩૦ |
| ૮ | એરંડા | ૧૦૩૦ | ૧૧૮૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૪૦ | ૧૭૦૫ |
| ૨ | મગફળી | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ૩ | ઘઉં | ૪૨૧ | ૪૬૧ |
| ૪ | ચણા | ૯૫૦ | ૧૦૬૧ |
| ૫ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | તુવેર | ૧૦૧૦ | ૧૩૫૫ |
| ૭ | સોયાબીન | ૧૧૨૬ | ૧૧૨૬ |
| ૮ | એરંડા | ૧૧૨૫ | ૧૨૪૧ |
| ૯ | મેથી | ૧૨૦૫ | ૧૨૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૬૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૪૩૫ |
| ૪ | ચણા | ૮૯૫ | ૧૦૩૯ |
| ૫ | ધાણા | ૨૦૦૦ | ૨૪૯૫ |
| ૬ | રાયડો | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ૭ | તુવેર | ૧૨૨૫ | ૧૩૩૫ |
| ૮ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૪૦ |
| ૯ | મગફળી | ૧૧૩૫ | ૧૪૧૧ |
| ૧૦ | ચણા છોલે | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૧૧ | સોયાબીન | ૯૦૦ | ૧૨૧૪ |
| ૧૨ | જુવાર | ૯૦૦ | ૯૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૨૯૦ | ૧૭૦૦ |
| ૧૫ | લસણ | ૩૩૫ | ૩૩૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં હનુમાનપરા માર્ગ ઉપર

૨૨ ના રોજ રાત્રીના ૧૧:૩૦ વાગ્યે અમરેલીના મારૂતીનગર, હનુમાનપરા રોડ, શીતલ આઈસ્ક્રીમ પાસે રોડ ઉપર પોતાની હવાલાની મોટર સાયકલ ચલાવી જતા હોય. તે દરમ્યાન એક આઈસર ટ્રક નં. જી.જે.–૧૪ એકસ–૨૭૪૬ના ચાલકે પોતાના હવાલાવાળુ આઈસર પુરઝડપે અને બેફીકરાઈ રીતે ચલાવી મૌલિકભાઈની મોટર સાયકલ સાથે ભટકાવી માથાના ભાગે તથા કીડનીની સાઈડમાં તથા જમણા પગે નાની મોટી ગંભીર ઈજા કરી મૌલિકભાઈ મુત્યુ નિપજાવી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતાને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **આંબા** ગામની રેવન્યુ ખાતા નંબર–૩૨૪ ની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીનો અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | સર્વે નંબર | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૧ | ભરતભાઈ ભીખાભાઈ સાવજ | ૩૭/૨ પૈકી ૪ | ૧–૪૮–૭૦ |
| | | ૩૭/૨ પૈકી ૩/પૈકી ૧ | ૦–૯૭–૧૩ |
| | | ૩૭/૨ પૈકી ૩/પૈકી ૨/પૈકી ૧ | ૦–૪૦–૪૭ |
| | | | કુલ : ૨–૮૬–૩૦ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૧૦ (દસ)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૨૯/૦૪/૨૦૨૬** **તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા, મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦ ૯૮૨૪૬ ૬૧૫૦૦**

**કિશોરકુમાર એમ.પાઠક**
(એડવોકેટ & નોટરી)
ગુજરાત હાઈકોર્ટ

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૫૧ | ૧૨૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૬૧ | ૨૨૫૧ |
| ૩ | તલ કાળા | ૨૯૨૧ | ૩૫૫૧ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૫૫૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૫ |
| ૭ | જુવાર | ૩૬૩ | ૯૪૧ |
| ૮ | મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૯ | તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |

# અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર આયોજિત સાહિત્ય ગોષ્ઠિ બેઠક ભાવમય માહોલમાં સંપન્ન






અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારનાં સ્થાપક પ્રમુખ ડો. પ્રતાપભાઈ પંડયાની પ્રિય પ્રવૃતિ એટલે કે સાહિત્ય ગોષ્ઠિ સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડયા પ્રેરિત અને વરિષ્ઠ કવિ ઉમેશભાઈ જોષીથી પ્રોત્સાહિત એપ્રિલ ૨૦૨૬ માસની સાહિત્ય ગોષ્ઠિ બેઠક તારીખ. ૨૬/૪/૨૦૨૬ને રવિવારનાં રોજ અમરેલી ખાતે શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રનાં રમાબેન પંડયા હોલમાં આયોજિત કરવામાં આવી હતી. બેઠકનાં પ્રારંભે પૂર્વભૂમિકામાં પરેશ મહેતાએ સહુને આવકારી બેઠકનાં હેતુ વિશે અને ગત વિશ્વ પુસ્તક દિનની શુભેચ્છાઓ પાઠવી વાચન અભિયાનમાં ડો. પ્રતાપભાઈ પંડયાનાં પ્રદાનને યાદ કરી સહુને ગદ્ય પદ્ય સાહિત્યનાં તમામ સ્વરૂપનું પોતીકું સર્જન રજૂ કરવા નિમંત્રિત કર્યા હતા. કેતન જોષીએ સંસ્થાની પ્રવૃતિઓથી માહિતગાર કર્યા હતા. પ્રમુખ મનીષાબેન પંડયા અને મેને.ટ્રસ્ટી ઉમેશભાઈની શુભેરછા સંદેશની આદરપૂર્વક નોંધ લેવામાં આવી. વરિષ્ઠ સાહિત્યકાર , શિક્ષણવિદ રવજીભાઈ કાચાની વિશેષ ઉપસ્થિતિ અને અમદાવાદનાં કવયિત્રી , બાલવાર્તાકાર નિધિબેન મહેતાની ઉત્સાહભેર હાજરી એમના વાર્તા પઠન, કાવ્ય પાઠ સહિત અમરેલી પંથકના સર્જકો સર્વ બાલ કિશન જોગી, મુકેશ જોગી, કેતન જોષી,સતીશ જે. દવે, સલીમ શેખ, કનુભાઈ લીંબાસિયા, ફિરોઝહસનાની, શીલા મહેતા, ભીખુભાઈ જોષી, યોગેશ ભટ્ટ, ભીખુભાઈ અગ્રાવત સહિતનાએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. વાર્તા કાવ્યમાં સત્વ તત્વ વિશે સંવાદ થયો હતો. ભાવક સર્વ સુભાષભાઈ વ્યાસ, જીતુભાઈ જોટાસણા, જસ્મિન જોષી, સુરેશભાઈ મહેતા શાસ્ત્રીજી, માલતીબેન પંડયા, પ્રદીપભાઈ પાઠક, પ્રકાશભાઈ ડણાક સહિત ઉપસ્થિત સહુ કોઈ સાહિત્યિક માહોલમાં રસ તરબોળ થયા હતા. વિશેષમાં રંગભૂમિ કલાકાર ભાવક જસ્મિન જોશીએ જગદીપ ઉપાધ્યાયની વહતા ભાભાની પ્રસિદ્ધ લોકભોગ્ય રચનાં એમની આગવી પઠન શૈલીમાં રજૂ કરી બેઠકને એક ગરિમામય ઊંચાઈ પર લઈ ગયા હતા. સાહિત્ય ગોષ્ઠિની આ બેઠક સર્વ સંચાલિત હતી.પોતીકા પરિવારની આ ગોષ્ઠિમાં સહુ ભાવપૂર્વક જોડાયા હતા. પરેશ મહેતા અને કેતન જોષીએ સહુને પોતાની વાત રજૂ કરવા ઉત્સાહિત કર્યા. શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રનાં ભીખુભાઈ અગ્રાવતએ આ તકે શુભેરછાઓ પાઠવી હતી. અમૃત પીણું ઠંડી છાશથી સહુને તૃપ્ત કર્યાને આયોજક ટીમ દ્વારા સ્વાદિષ્ટ આઈસક્રીમની મોજ માણી સહુએ બેઠકને વિરામ આપ્યો હતો. બેઠકને સફળ બનાવવા ભીખુભાઈ અગ્રાવત, સર્જક પરિવારનાં સભ્યો સહિત સહુ કોઈએ જહેમત ઉઠાવી હતી.

### રાજકીય નિરીક્ષકો પણ માથુ ખંજવાળે છે

# બાબરા : નગરપાલિકા ચૂંટણીનું પરિણામ સૌ કોઈ માટે ચોંકાવનારા

## લોકમિજાજથી તદ્દન વિરૂધ્ધ જનાદેશ

બાબરા, તા. ૨૯

બાબરા નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના પરિણામો બાદ શહેરમાં રાજકીય ચર્ચાઓનો માહોલ ગરમાયો છે. અનેક વિસ્તારોમાં લોકમિજાજ અને પ્રજા સંદેશ વિરૂધ્ધ પરિણામ આવતાં જાણકારો તેમજ સામાન્ય લોકો આશ્ચર્ય વ્યકત કરી રહ્યા છે. ચૂંટણી પહેલા એન્ટી ઈન્કમબન્સી, સ્થાનિક અસંતોષ અને વિકાસના મુદ્દાઓ હાવી રહેવાની ચર્ચા હતી, છતાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે ફરી સત્તા કબજે કરી છે.૨૦૨૧ની ચૂંટણીમાં ૧૯ બેઠકો મેળવનાર ભાજપે આ વખતે વધુ મજબૂત પ્રદર્શન કરતા ૨૨ બેઠકો પોતાના ખાતામાં નોંધાવી છે. પાંચ વર્ષ દરમિયાન શહેરમાં મૂળભૂત સુવિધાઓ, વિકાસ કાર્યો તેમજ લોકઉપયોગી યોજનાઓ અંગે અનેક પ્રશ્નો ઉઠતા રહ્યા હતા. શહેરના બે આધુનિક બગીચાઓ સાત વર્ષથી બંધ હોવાની ચર્ચા વચ્ચે પણ મતદાતાઓએ ભાજપને ફરીથી જનાદેશ આપતા રાજકીય વિશ્લેષકો ચકિત બન્યા છે.

ચૂંટણી દરમ્યાન ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર જોવા મળી હતી. આમ આદમી પાર્ટી પણ મેદાનમાં હતી, પરંતુ કોઈ મોટા પ્રમાણમાં અસર પાડી શકી નથી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના અમુક અંગત મુદ્દાઓને કારણે તેઓ શરૂઆતમાં પ્રચારથી દૂર રહ્યા હતા. ત્યારબાદ અંતિમ ત્રણ દિવસમાં સાંસદ ભરતભાઈ સુતરિયાએ મેદાનમાં સક્રિય ભૂમિકા ભજવી અને ભાજપ માટે જોરદાર પ્રચાર સંભાળ્યો હોવાનું કહેવાય છે.ખાસ કરીને વોર્ડ નં. ૧, ૪, ૫ અને ૬માં સ્થાનિક સામાજિક અગ્રણીઓ, મિત્રવર્તુળો અને આંતરિક ગોઠવણોએ ભાજપને ફાયદો પહોંચાડ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વોર્ડ નં. ૬માં કોંગ્રેસના ઉમેદવાર કિશોરભાઈ વામજા માત્ર ૪ મતના અંતરે પરાજિત થતા આ બેઠક શહેરભરમાં ચર્ચાનો વિષય બની છે.બીજી તરફ એક વોર્ડમાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર અને કારોબારી સમિતિના ચેરમેન અનિ મકવાણા વચ્ચે આંતરિક અસંતોષની ચર્ચા વચ્ચે રસપ્રદ રાજકીય સમીકરણો સર્જાયા હતા. ત્યાં બે કડવા પાટીદાર ઉમેદવારો સામસામે હોવા છતાં બંને વિજેતા બન્યા, જયારે લેઉવા પટેલ સમાજના પ્રવિણભાઈ કરકર પરાજિત થયા. બીજી તરફ અનિ મકવાણા સારો લીડ મેળવી જીત્યા હોવાનું જાણવા મળે છે.ચૂંટણી પહેલા ઘણા લોકસર્વેમાં ચાર બેઠકો કોંગ્રેસ તરફ જતી હોવાનું અનુમાન હતું, પરંતુ અંતિમ ક્ષણે થયેલી ગોઠવણો અને મતવિભાગના બદલાયેલા ગણિતને કારણે પરિણામો વિપરીત આવ્યા હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.હાલ શહેરમાં એક જ ચર્ચા છે કે જો આગામી પાંચ વર્ષમાં વાસ્તવિક વિકાસ કાર્યો, સુવિધાઓ અને જનહિતના પ્રશ્નો પર કામ નહીં થાય તો ગયા પાંચ વર્ષ જેવી સ્થિતિ ફરી સર્જાઈ શકે છે. મતદાતાઓએ સ્પષ્ટ જનાદેશ આપ્યો છે, હવે નજર નવી પાલિકાની કામગીરી પર રહેશે.

# ઈંગોરાળા ગામે સંત ભંડારાનો કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૯

ઈંગોરાળા ગામે ભવ્ય સંત ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પવિત્ર પ્રસંગે પ્રસિદ્ધ સંત ભકિત બાપુ ઉપસ્થિત રહ્યા અને ભકતોને આશીર્વાદ આપ્યા હતા. તેમના આશીર્વચનોથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ઓતપ્રોત બની ગયું હતું.

ભકિત બાપુએ પોતાના પ્રવચનમાં સંતો અને ભંડારાના મહત્ત્વ વિશે વિસ્તૃત સમજ આપી. તેમણે જણાવ્યું કે સંતોનું જીવન માનવ સમાજ માટે પ્રેરણાસ્ત્રોત છે અને તેમના માર્ગદર્શનથી વ્યકિત જીવનમાં સાચો માર્ગ અપનાવી શકે છે. ભંડારો માત્ર પ્રસાદ વિતરણનો કાર્યક્રમ નથી, પરંતુ તે સેવા, દયા અને પરોપકારના સંદેશને પ્રસરાવવાનો એક મહત્વપૂર્ણ ઉપક્રમ છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે ભંડારામાં સહભાગી થવાથી મનમાં શાંતિ અને સંતોષની અનુભૂતિ થાય છે અને સમાજમાં એકતા અને સહકારની ભાવના મજબૂત બને છે. કાર્યક્રમ દરમિયાન ભકતોએ ભકિતપૂર્વક સંતોના આશીર્વાદ લીધા અને પ્રસાદ ગ્રહણ કર્યો.

આ ભવ્ય આયોજનથી ઈંગોરાળા ગામમાં ધાર્મિક અને સામાજિક એકતાનું સુંદર દ્રશ્ય સર્જાયું હતું, જે ભકતોમાં લાંબા સમય સુધી યાદગાર રહેશે.

### સુપ્રસિધ્ધ નિષ્ણાંત તબીબો દ્વારા

# ચલાલા : શ્રી રામ હોસ્પિટલ ખાતે રવિવારે આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન

## જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ થયો

ચલાલા, તા. ૨૯

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રામ હોસ્પિટલ પ.પુ. સંત ડો. રતિદાદાના સાનિધ્યમાં ઘણા વર્ષોથી કાર્યરત છે, જેમાં હાલ દાંત વિભાગ, આંખ વિભાગ અને નાક, કાન, ગળાની સારવારનો વિભાગ શરૂ છે જેમાં દાંત વિભાગમાં ચાંદી પૂરવી, બત્રીસી બનાવવી, દાંતના રોગને લગતી તમામ સારવાર કરવામાં આવે છે તેમજ આંખ વિભાગમાં આંખને લગતી સારવાર અને મોતિયાના કેમ્પ થાય છે અને નાક, કાન, ગળાને લગતી તમામ સારવાર કરવામાં આવે છે. હાલમાં પુ. દાદા અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શનથી નીચે મુજબની સેવાઓનો શુભારંભ કરવામાં આવ્યું છે.

**૧. ડો. કેયુર આર. કોટડીયા (MBBS, DNB, FCCM, FID, FIE)**

ડાયાબીટીસનું નિદાન અને સચોટ સારવાર, હદય રોગ (એટેક), હદયના વાલ્વની તકલીફનું નિદાન અને સારવાર, મગજનો હુમલો (પેરાલીસીસ)ની સારવાર, ECG, હદયની સોનોગ્રાફી વિગેરેના નિષ્ણાંત

**૨. ડો. બીના જી. રાબડીયા (BAMS, PGDACC, ADHM, CCCH)**

ચામડીના રોગો, ધાધર, ખરતાવાળ, ચામડી તથા વાળના રોગોની આધુનિક પધ્ધતિથી આયુર્વેદિક સારવાર

**૩. ડો. કાજલ બગડા (M.S.(AYU.)**

હરસ, મસા, ભંગદરની તપાસ, ચરબીની ગાંઠની તપાસ, ચામડીના મસા, કપાસી તથા સાંધાના રોગોની તપાસ તેમજ સારવાર

આ તમામ ડોકટરો તા. ૩/૫/૨૬ રવિવારનાં રોજ સવારે ૯ થી ૧૨ પધારશે. દરેક મહિના પહેલા રવિવાર આ કેમ્પ રહેશે.

ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પ.પુ. સંત ડો. રતિદાદાએ જણાવાયું છે.

### રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ

# ત્રાકુડા ગામમાં જીર્ણોદ્ધાર પામેલા ત્રંબકેશ્વર મહાદેવનાં દર્શન કર્યા

## રાજયપાલના હસ્તે મંદિર જીર્ણોદ્ધારની તકતીનું અનાવરણ



અમરેલી, તા.૨૯

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ખાંભા તાલુકાના ત્રાકુડા ગામે દાયકાઓ જૂના અને જીર્ણોદ્ધાર પામેલા ત્ર્યંબકેશ્વર મહાદેવના ભાવપૂર્વક દર્શન અને જળાભિષેક કર્યા હતાં.

અમરેલી જિલ્લાના ત્રાકુડા ગામના આસ્થાના કેન્દ્ર એવા આ શિવાલય ખાતે રાજયપાલએ મંદિર જીર્ણોદ્ધારની તકતીનું અનાવરણ કરીને ભાવિક ભક્તો માટે મંદિરને ખુલ્લું મૂકયું હતું.

રાજયપાલએ મંદિર પરિસરમાં યજ્ઞકુંડમાં આહુતિ પણ આપી હતી. ઉપરાંત બીલીના છોડનું રોપણ કર્યું હતું. હરિ ગ્રુપ – દુધાત પરિવારના યોગદાનથી આ શિવાલયનું જીર્ણોદ્ધાર કાર્ય સંપન્ન થયું છે.

આ પ્રસંગે સ્વામિનારાયણ સંતો, કલેકટર વિકલ્પ ભારદ્વાજ, રાકેશભાઈ દુધાત, વિનુભાઈ દુધાત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

### અમરેલી માર્કેટ યાર્ડ દ્વારા

# રવિ પાક ચણાની ખરીદી માટે મંડળીને જગ્યા ફાળવાઈ

## મંડળી દ્વારા આભાર વ્યકત કરાયો

અમરેલી, તા. ૨૯

હાલમાં રવિ પાક ચણાની ટેકાનાં ભાવે ખરીદી ચાલી રહી છે. ત્યારે યાર્ડ પાસે જગ્યા ન હોય. તેથી જગ્યા ફાળવણી કરવામાં આવી ન હતી. પરંતુ ફરીથી મંડળી દ્વારા ખેડૂતનાં હિત માટે રજૂઆત કરતા અમરેલી માર્કેટિંગ યાર્ડ દ્વારા મંડળીને ટેકાનાં ભાવે ચણાની ખરીદી માટે સેન્ટર ફાળવતા મંડળીનાં વહીવટી અધિકારીઓ દ્વારા માર્કેટીંગ યાર્ડનો આભાર વ્યક્ત કર્યો હતો. અમે ખેડૂત હિતનાં આ નિર્ણયને આવકાર્યો હતો. હવેથી ખેડૂતોને ટેકાનાં ભાવે ચણા વેચવા માટે નવા માર્કેટિંગ યાર્ડ ખાતે જવાનું રહેશે.

# રાજુલા–હિંડોરણા ખાતે ૧લી મેનાં રોજ ધાર્મિકોત્સવ






રાજુલા, તા.૨૯

રાજુલા તાલુકાના હિંડોરણાના મહંત શ્રી કેશુદાસબાપુ અલખધામ આશ્રમે શ્રી રામદેવપીર બાપાના સવરા, ધર્મસ્થંભનું આયોજન, વૈશાખ સુદ પૂનમને શુક્રવાર તા.૧/૨૦૨૬ ના રોજ રાખેલ છે તો આ ધાર્મિક પ્રસંગે સંતો મહંતો ભક્તિનું સંતસમાગમ ભાવભર્યું ભાથુ બાંધવા ધર્મ કાર્યમાં સાથ સહયોગ આપવા સર્વને આધ્યાત્મિક ધર્મના કાર્યોમાં ભક્તજનો ભાઈઓ બહેનો દીકરીઓ વડીલો બાળકો સર્વ ધર્મ પ્રેમી પધારવા ભાવભર્યું નિમંત્રણ છે ભૂમિ પૂજન તા.૧/૨૦૨૬ શુક્રવારે સવારે શુભ ચોઘડીએ, પ્રભુ દર્શન સવારે ૦૯:૧૫, મહાપ્રસાદ ૧૧ કલાકે, મંડપ સમાપન શનિવાર તા.૨/૨૦૨૬ સવારે ૯:૧૫ શુક્રવારેએ, ધર્મસ્થંભનાની માધારી મુખ્યની માધારી વિઠ્ઠલ ભગત, નીમાધારી મુકેશભગત, સ્તંભના કોટવાળ માલા ભગત ગજાનંદ મંદિર ગોરાણા,ગતના કોટવાળા ખીમદાસ ભગત, ગોરડકા, ભગત ગોપાલ, ભગત બીજલભાઈ ચાખટ, ભગત વિરલ ભગત હિરજીભાઈ બારોટ,સર્વ ભક્તજનો મંદિરના ગાદીપતિ કેશવદાસ બાપુ ગુરૂ સેવાદાસ બાપુ, ગાદીપતિ રઘુરામ મણીરામ દુધરેજીયા, અંજાર, સંતો મહંતોની પધરામણી પરમ પૂજય વિજયદાસબાપુ, સતાધાર પરમ પૂજય જગન્નાથબાપુ જગન્નાથ આશ્રમ સુરત પરમ પૂજય ગોપાલપુરીબાપુ, ખડકાળા મેલી પરમ પૂજય મહેશદાસ બાપુ, પીપાવાવ ધામ, પરમ પૂજય શંભુ ગીરીબાપ, સનાતન આશ્રમ કોદીયા, પરમ પૂજય દિનેશબાપુ રામાપીર મંદિર સા ડીકા ડુંગર ડેડાણ પરમ પૂજય ઉદયગીરીબાપુ તાત્કાલિક હનુમાન અમરેલી પરમ પૂજય ભાભલુ બાપુ રામાપીર મંદિર આદસંગ, પરમ પૂજય ગોરધન બાપા બાંદ્રા, પરમ પૂજય વિશ્વદાસબાપુ સરમણીયા દાદા ગોરડકા પરમ પૂજય અમરદાસ બાપુ, જળ જીવડી આશ્રમ પરમ પૂજય, રતિબાપુ ચિત્રકૂટ ધામ, વણોટ, હિંડોળા ગામના આગેવાન સરપંચ હરસુરભાઈ માણસુરભાઈ પટાટ, સર્વ ધર્મ પ્રેમી જનતાઓ હિંડોળ ા ગામના અલખધામ આશ્રમ ચેતન પેટ્રોલ પંપની પાછળ અનેરો ઉત્સવ ઉજવાય છે.

# ત્રાકુડા મુકામે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ ઊઘડતી ઉષાએ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યા યોગ અને પ્રાણાયામ





અમરેલી, તા. ૨૯

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના ત્રાકુડા ગામ ખાતે રાત્રિ વિશ્રામ કર્યા બાદ ઊઘડતી ઉષાએ શાળાના વિદ્યાર્થીઓ, ગ્રામજનો તેમજ યુવાનો સાથે યોગાભ્યાસ કર્યો હતો.

ટેન્ટ સિટી ખાતે પરોઢિયે યોજાયેલા યોગ સત્ર દરમિયાન રાજયપાલએ ઉપસ્થિત યોગ સાધકો સાથે વિવિધ યોગાસનો કર્યા હતા અને યોગના આરોગ્યલક્ષી ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, યોગ એ ભારતની પ્રાચીન વિરાસત છે જેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિવ્યાપી બનાવ્યો છે. વ્યસ્ત જીવનશૈલીમાં યોગ અને પ્રાણાયામ સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે. યોગ દ્વારા શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન સ્થાપિત થાય છે, જેના કારણે માનસિક તણાવ દૂર થાય છે અને અભ્યાસમાં પણ વધુ એકાગ્રતા પ્રાપ્ત થાય છે.

યોગ અભ્યાસ બાદ રાજયપાલએ પ્રાણાયામનો અભ્યાસ પણ કર્યો હતો અને નિયમિત પ્રાણાયામ કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કપાલભાતિ, અનુલોમ–વિલોમ, ભસ્ત્રિકાના નિયમિત અભ્યાસથી સનતંત્ર મજબૂત બનતું હોવાની માહિતી આપી હતી.

અંતે ગાયત્રી મંત્રના ઉચ્ચારણ સાથે સમગ્ર યોગાભ્યાસને શાંતિપૂર્ણ રીતે વિરામ આપવામાં આવ્યો હતો. રાજયપાલએ સુરતની રહેવાસી વિદ્યાર્થિનીઓ જહાનવી દુધાત અને ક્રિવા દુધાત દ્વારા કરવામાં આવેલી યોગ પ્રસ્તુતિને બિરદાવી હતી.

રાજયપાલએ યોગ અભ્યાસમાં સહભાગી થનારા સૌ ઉપસ્થિતોને નિરામય સ્વાસ્થ્ય, ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવચન પાઠવ્યા હતા.

### સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે રજુઆત કરી

# અમરેલી : સિવિલ હોસ્પિટલમાં દલિત યુવકની કથિત હત્યાનો મામલો રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગમાં

## ન્યાય ન મળે ત્યાં સુધી લડત શરૂ રાખવાનો નિર્ણય

અમરેલી, તા. ૨૯

અમરેલીની શાંતાબા સિવિલ હોસ્પિટલમાં બનેલી એક અત્યંત આઘાતજનક ઘટનામાં, ધારી તાલુકાના ગોપાલગ્રામના ૨૬ વર્ષીય દલિત યુવક મહેશ પ્રેમજીભાઈ રાઠોડનું સારવાર દરમિયાન મોત નીપજયું છે. આ ઘટનાના પગલે જાણીતા માનવ અધિકાર કાર્યકર્તા કાંતિલાલ ઉકાભાઈ પરમાર દ્વારા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC)માં ઓનલાઈન ફરિયાદ દાખલ કરવામાં આવી છે (ડાયરી નંબર: ૯૪૯૩/N/૨૦૨૬).

ઘટનાની વિગતો : ગત તારીખ ૧૭/૦૪/૨૦૨૬ના રોજ, મહેશ રાઠોડ જયારે સિવિલ હોસ્પિટલમાં હતો ત્યારે ભોજન બગાડવા જેવી નજીવી બાબતે થયેલી તકરારમાં ખાનગી ભોજન સેવાના સ્ટાફ અને સિક્યોરિટી ગાર્ડ્સ દ્વારા તેના પર અમાનવીય હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેને 'થર્ડ ડિગ્રી' ટોર્ચર આપવામાં આવ્યું હતું, જેના કારણે તેનો હાથ ભાંગી ગયો હતો અને ગંભીર આંતરિક ઈજાઓ પહોંચી હતી.

આ કેસમાં પોલીસ દ્વારા એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે, પરંતુ પિટિશનમાં માંગણી કરવામાં આવી છે કે આ કેસમાં ભારતીય ન્યાય સંહિતા (બી.એન.એસ.એસ.)ની કલમ ૧૦૩(૧) એટલે કે હત્યાની કલમનો તાત્કાલિક ઉમેરો કરવામાં આવે.

મૃતક મહેશ રાઠોડે અવસાન પામતા પહેલા પોતાના હસ્તાક્ષરમાં ટોર્ચર અને હુમલાખોરોના નામ સાથેની ફરિયાદ લખી રાખી હતી, જે આ કેસમાં મહત્વનો પુરાવો છે. જે મરનાર મહેશ રાઠોડનું મરણોન્મુખ નિવેદન (ડાઈંગ ડેકલેરેશન–ડી. ડી.) ગણવામાં આવે.

જવાબદારી અને ખાનગીકરણ: સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ થયા બાદ વહીવટી તંત્રની જવાબદારી અને પારદર્શિતા ઘટી છે, જેના કારણે સુરક્ષા કર્મીઓ દ્વારા જ દર્દી કે તેમના સગા પર અત્યાચાર ગુજારવામાં આવ્યો છે.

ન્યાયિક તપાસની માંગ : આ સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાની સ્વતંત્ર તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવે અને દોષિતોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

વળતરની માંગ : પીડિત પરિવાર (પ્રેમજીભાઈ દુદાભાઈ રાઠોડ)ને એટ્રોસિટી એક્ટ મુજબ તુરંત વળતર અને રક્ષણ પૂરું પાડવામાં આવે તે માટે આયોગને વિનંતી કરવામાં આવી છે.

હાલમાં પરિવાર દ્વારા ન્યાયની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરવામાં આવ્યો છે અને જયાં સુધી કાયદેસરની કડક કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી લડત ચાલુ રાખવાનો નિર્ધાર વ્યકત કર્યો છે.

### વર્તમાનપત્રમાં અહેવાલ પ્રસિધ્ધ થતા

# દામનગરમાં પાણીનાં નિકાલ માટેની તુટેલી જાળી નવી ફિટ કરી દેવાઈ

## વાહનચાલકો અને રાહદારીઓમાં રાહત

દામનગર, તા. ૨૯

દામનગર શહેરનાં ધમધમતા વિસ્તાર સરદાર સર્કલ – હવેલી પાસે પાણીનાં નિકાલ માટેની જાળી ઘણા દિવસથી જર્જરીત બનતા તેનો અહેવાલ પ્રચાર માધ્યમોમાં પ્રસિદ્ધ થતાં અને નગરપાલિકાના સીટી એન્જીનીયર પ્રશાંતભાઈને રજુઆત થતાં, આજરોજ બુધવારના રોજ નવી જાળી ફિટ કરાતા વાહનચાલકો અને રાહદારીઓ માટે રાહત થઈ છે.



### ''ભારતી બા વાડી'' ખાતે

# અમરેલી ખાતે સહસ્ત્ર ઝાલાવાડી સમાજ ટ્રસ્ટ દ્વારા નેત્રનિદાન કેમ્પ યોજાયો


## ૧૫ દર્દીઓને ઓપરેશન માટે રાજકોટ મોકલાયા



અમરેલી, તા. ૨૯

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સમાજ ટ્રસ્ટ અમરેલી દ્વારા ''ભારતી બા વાડી'' મુકામે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં બહોળી સંખ્યામાં સમગ્ર ગ્રામજનોએ લાભ લીધો આંખોના ઝામર મોતિયો અને બીજી સારવાર માટે ૧૫ દર્દીઓને ઓપરેશન માટે વિનામૂલ્યે ટ્રસ્ટ દ્વારા રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે મોકલવામાં આવ્યા છે. તમામ દર્દી નારાયણનું ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મસમાજ ટ્રસ્ટ અમરેલી દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું. ચા, પાણી, નાસ્તા, ઠંડા પીણા અને ત્યારબાદ તમામ દર્દીનું નિદાનકરી બપોરે સમગ્ર દર્દી નારાયણને ભોજન પ્રસાદ ટ્રસ્ટનાં મુખ્ય વ્યકિત અને ભામાશા એવા રમેશ દાદા શાસ્ત્રીજી દ્વારા પ્રસાદ લેવડાવવામાં આવ્યો આ તકે ટ્રસ્ટના તમામ હોદ્દેદારો દ્વારા વ્યવસ્થા કરવામાં આવી બ્રહ્મ સમાજનાં જાગતા અગ્રણી સૌરાષ્ટ્ર કચ્છ સમાજનાં પૂર્વ પ્રમુખ એમ.જી. જોષી તથા ટ્રસ્ટના પ્રમુખ તનસુખભાઈ ઠાકર દ્વારા ખુબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમની અંદર દિલીપભાઈ મહેતા, રમેશભાઈ પંડયા, ધર્મેન્દ્રભાઈ ભટ્ટ, બકુલભાઈ પંડયા, મનોજભાઈ ઠાકર, આનંદભાઈ ભટ્ટ અને તેમના દિકરા ડોકટર રાજ હર્ષાબેન પંડયા, દિપ્તીબેન ભટ્ટ અને તમામ ટ્રસ્ટીગણે જેહાદ ઉઠાવી કાર્યક્રમને વધુ સફળ બનાવ્યો આગામી દિવસોમાં ટ્રસ્ટ દ્વારા આવા અનેકવિધ લોક ઉપયોગી અને સેવાકીય કાર્યક્રમ સમગ્ર સમાજ માટે કરવાનું એક સુંદર આયોજન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું. નેત્ર નિદાન કેમ્પની અંદર આવેલ તમામ દર્દી નારાયણની તમામ પ્રકારની સારવાર અને અન્ય જરૂરિયાત વિનામૂલ્યે કરવામાં આવેલ તદુપરાંત રણછોડદાસજી ટ્રસ્ટને ભામાશા રમેશ દાદા શાસ્ત્રીજી દ્વારા રૂપિયા ૨૧,૦૦૦નો પુરસ્કાર (દાન) રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટનાં આવેલ ડોકટરને આપવામાં આવેલ છે આવી એક યાદી ભારતી બા વાડી અને ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજનાં મંત્રી રમેશભાઈ પંડયા જણાવે છે.

# વાંકીયા ખાતે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૯

વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણીના ભાગરૂપે વાંકીયા પ્રાથમિક શાળા ખાતે ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓને મેલેરીયા અટકાવતી બાબતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતું. આ તકે સ્થાનીક આરોગ્ય કર્મચારી આકાર ડી. અગ્રાવત તથા દર્શનાબેન માધડ દ્વારા વિદ્યાર્થીઓને મેલેરીયા અટકાવતી માટે પોતાના ઘરે ટાંકા ટાંકી હવા ચુસ્ત ઢાંકી રાખવા, મચ્છરદાનીમાં સુવા, સંધ્યા સમયે ઘરના બારી બારણા બંધ કરવા, શરીર સંપુર્ણ ઢંકાય તેવા વસ્ત્રો પહેરવા, ખુલ્લા પણોમાં ગપ્પ ફીશ મુકત પાણી ભરાતા વધારાનો ભંગારો નિકાલ કરવો વગેરે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતું. આ તકે સ્કુલ પરિવારનો ખુબ જ સહકાર મળેલ હતો. વાંકીયા ગામના ૨૦થી વધુ ઘરોના ખુલ્લો પણોમાં પોરાભક્ષક માછલી મુકવામાં આવેલ હતી. ઘરે–ઘરે આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવેલ હતું. અને ગ્રામજનોને જાગૃત કરેલ હતા. આ સંપૂર્ણ કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી, જિલ્લા મેલેરીયા અધિકારી ડો. એ.કે. સિંગ, તાલુકા હેલ્થ ઓફીસર ડો. આર.કે. જાટ તથા વાંકીયા મેડીકલ ઓફીસર ડો. મિહીર મહેતા, આયુષ મેડીકલ ઓફીસર ડો. કીરણબેન શેલડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતી. સુપ. જી.ડી ભગત દ્વારા પણ જરૂરી માર્ગદર્શન મળેલ હતું.




# ભાજપ હવે, માત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમિત શાહનાં સહારે

# અમરેલી જિલ્લાનાં દિગ્ગજ નેતાઓની નિષ્ક્રીયતા છતાં પણ ભાજપની બલ્લે બલ્લે

**ક્યારેક તો એવું પણ લાગે છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચાણકય અમિત શાહ વગર ભાજપને પણ મત મેળવવા મુશ્કેલ થઈ શકે તેમ છે**

**અમરેલીથી લઈને ઈન્ડિયાની જનતા માત્રને માત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નામે જ ભાજપને મત આપતી હોય તેવું લાગે છે**

**સ્થાનિક નેતાઓની નિષ્ક્રીયતા, અનેક ભુલો, અવનવા આક્ષેપોને ભૂલીને મતદારો માત્ર નરેન્દ્ર મોદીનાં નામે જ ભાજપને મત આપી રહ્યા હોય તેવું જોવા મળે છે**

**એક સમયે નહેરૂ, ઈન્દિરા ગાંધીનાં નામે જ કોંગ્રેસને સફળતા મળતી હતી તેવી ઘટનાનું પૂનરાવર્તન થતું જોવા મળે છે**

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લો તેમજ ગુજરાત અને હવે, દેશભરમાં દિનપ્રતિદિન ભાજપ વધુને વધુ સફળતા મેળવી રહ્યો છે. તેની પાછળ કયુ પરિબળ છે તેનો અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે, ભાજપની સંગઠન શકિત, વિકાસની રાજનીતિ, હિન્દુત્વ કરતાં પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ચહેરો, ગૃહમંત્રી અમિત શાહની ચાણકય નીતિથી ભાજપ સફળતાનાં શિખરો સર કરી રહ્યું છે તેવું જોવા મળી રહ્યું છે.





ભાજપનાં અનેક દિગ્ગજ નેતાઓ દિનપ્રતિદિન પક્ષથી વિમુખ થઈ રહ્યા છે. અનેક આગેવાનો નિષ્ક્રિય રહે, ખાનગીમાં ભાજપને પરાજિત કરવાનો પ્રયાસ કરે છતાં પણ ભાજપને સતત સફળતા મળતી રહે છે.

તાલુકા પ્રમુખથી લઈને રાષ્ટ્રીય પ્રમુખ અને પાલિકાથી લઈને પાર્લામેન્ટની ચૂંટણીમાં ગમે તે વ્યકિતને મેદાનમાં ઉતારો એટલે તે સફળ થયા વિના રહે જ નહી. કારણ કે અમરેલીથી લઈને દેશભરની જનતા સ્થાનિક નેતાની અણઆવડત, અપુરતો અભ્યાસ, જનમાનસને સમજવાનો અભાવ હોય, અમુક પ્રકારનાં આક્ષેપો હોવા છતાં પણ મતદારો માત્રને માત્ર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નાં ચહેરાનાં આધારે જ ભાજપ તરફી મતદાન કરે છે.

ઘણા મતદારો ભાજપનાં ઉમેદવારોને નામથી કે કામથી પણ ઓળખતા નથી છતાં પણ ઈવીએમ મશીનમાં ''કમળ''ને ધ્યાને રાખીને બટન દબાવી દે છે.

એક સમયે જવાહરલાલ નહેરૂ અને ઈન્દિરા ગાંધીનાં નામે ગમે તે ઉમેદવારો વિજેતા બની જતાં હોય તેવી જ સ્થિતિ વર્તમાન સમયમાં જોવા મળે છે. આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહનું નામ હોય ''વિજય'' નિશ્ચિત બની જાય છે તે હકીકત છે.




### અમૂલ્ય જીંદગી વાહન અકસ્માતમાં પૂર્ણ થઈ

## અમરેલીનાં હનુમાનપરા માર્ગ ઉપર ટ્રકે હડફેટે લેતા બાઈક સવારનું મોત નિપજ્યુ

**સ્થાનિક પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૯

અમરેલીના હનુમાનપરા રોડ ઉપર આવેલ મારૂતીનગરમાં રહેતાં કૌશીકભાઈ રમેશભાઈ સેજાણી નામનાં યુવક નાનાભાઈ મૌલિકભાઈ ગત તા.

અનુસંધાન પાના ૬ ઉપર

### શરીર સબંધી ગુન્હામાં સંડોવાયા હોવાથી

## અમરેલીનાં સુળીયાટીંબા વિસ્તારમાં રહેતા ઈસમ વિરૂધ્ધ ''પાસા'' હેઠળ કાર્યવાહી

**સુરતની મધ્યસ્થ જેલમાં મોકલી દેવાયા**

અમરેલી, તા. ૨૯

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા અમરેલી ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીએ શરીર સબંધી તથા મિલ્કત સબંધી તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### વીજ વાયર કાપી નખાતા નારાજગી

## લ્યો બોલો : સાવરકુંડલામાં વીજળી ગુલ થતાં પડોશી કુટુંબીઓ વચ્ચે મારામારી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૯

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાત્રીનાં સમયે પણ થોડીવાર માટે પણ લાઈટ ચાલી જાય તો ગરમી સહન થતી ના હોય ત્યારે સાવરકુંડલામાં

અનુસંધાન પાના ૬ ઉપર
























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)